**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦ આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૫૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧. ફોન : **૨૨૦૬૫૫૧**

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | તંત્રીશ્રી | ૩ |
| શાંતિપાઠની સદ્ભાવના | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| અધ્યાત્મનો અનસ્ત સૂર્ય | પ્રો. તરલા દેસાઇ | ૧૨ |
| પૂ. માની નિત્ય નોંધ | મા સર્વેશ્વરી | ૨૩ |
| ગંગોત્રીની યાદ | ઈશ્વરભાઇ ભક્ત | ૨૮ |
| પૂ. મા સર્વેશ્વરી સંગે ગંગાજીના અંકે | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૩૫ |
| કોઈપણ 'કર્મનો હું કર્તા નથી'—એ ભાવથી મુક્ત થવાય | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૪૧ |
| એક તપસ્વી સાધુ | ભાણદેવજી | ૪૮ |
| પ્રાર્થના સંભળાય છે. | વિનુભાઇ છ. અમીન | ૬૧ |
| મુક્તક—મધુ | રતીલાલ ભાવસાર | ૬૪ |

**ભક્તિસુધા**

બકબિડાલનું મન યથા, મીનમૂષકમાં જાય;
કદા એવી રીતે સદા, મમ મન પ્રભુભણી ધાય? ૫૮
વિષયી જેમ વિષયોતણી, વાત સુણે ધરી પ્રીત;
કથા તેમ હું પ્રભુતણી, કદા સુણીશ શુભ રીત? ૫૯
સુણતાં શુભ ગુણ પ્રભુતણા, કદા થઇશ રળીઆત?
નયને નીર ભરીશ કદા, થઇ રોમાંચિત ગાત? ૬૦

# સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

**કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઇ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઇ રહી છે.**

**અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.**

**એ કેન્દ્રના સર્વ ભાઇબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.**

**આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.**

**ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઇબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઇ શાહ અને વિમળાબેન શાહને.**

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.**



# શાંતિપાઠની સદ્‌ભાવના

**યોગેશ્વરજી**

ઉપનિષદ્‌ના ઋષિઓએ શાંતિપાઠમાં સદ્‌ભાવનાને વહાવતાં જણાવ્યું છે કે અમારા કાનથી અમે પવિત્ર અને કલ્યાણકારક શબ્દોનું શ્રવણ કરીએ. અમારી આંખથી મંગલમય શુભનું દર્શન કરીએ. જે જીવન અમને ઈશ્વર તરફથી આપવામાં આવ્યું છે તે જીવનને સારીપેઠે પસાર કરીએ. અને અમારા શરીરને સુદ્રઢ તથા નીરોગી બનાવીએ. અમારા આયુષને પરમાત્માની પ્રસન્નતાને માટે વાપરીએ.

ભદ્રં કર્ણેભિઃ શ્રૃણુયામ દેવાઃ, ભદ્રં પશ્યેમાક્ષભિર્યજત્રાઃ,
સ્થિરૈરંગૈસ્તુષ્ટુવાન્ સસ્તનુભિર્વ્યશેમ દેવહિતં યદાયુઃ ।

ઋષિઓની પ્રાર્થના તથા ભાવના કેટલી બધી સુંદર છે! પ્રેરક, પ્રાણવાન, અલૌકિક પણ કેટલી છે! અને એ છતાં પણ આદર્શ અને અનુકરણીય છે.

આપણે આંખથી અવલોકીએ છીએ એનો અર્થ એવો થોડો છે કે જે અવલોકવું જોઇએ એને જ અવલોકીએ છીએ? આપણે આપણા દર્શનદ્વારા મંગલનું જ દર્શન કરીએ છીએ એવું નથી હોતું. જો મંગલનું દર્શન કરતા હોત તો સૌમાં રહેલા શુભનું અને મંગલથી મંગલ પરમમંગલ પરમાત્માનું દર્શન કરતાં હોત. કોઇને મિત્ર અને કોઇને શત્રુ તરીકે, કોઇને પોતાના કે કોઇને પારકાતરીકે, ભેદભાવ, ભય, મોહ, તિરસ્કાર તથા ભયની નજરે ના જોતા હોત. સૌમાં રહેલી પરમાત્માની પરમદિવ્યતાનો દર્શન કરત ને ક્ષણભંગુર સ્થૂળ માળખાને જ મહત્ત્વનું ના માનતા હોત.

આપણી આજુબાજુના જગતમાં અલ્પ અથવા અધિક પ્રમાણમાં રહેલા શુભનું દર્શન કરીને બેસી રહેવાને બદલે એ શુભનું વાણી, કલમ અને અન્ય માધ્યમદ્વારા સંકીર્તિન, કથન, પ્રસારણ કરીએ એપણ એટલું જ આવશ્યક છે. આપણી આજુબાજુના વાયુમંડળમાં આજે ભળતી, નબળી, અશુભ, અમંગળ વાતોનો પ્રસાર થઇ રહ્યો છે અને એમને એક અથવા બીજી રીતે અલ્પ અથવા અધિક માત્રામાં ઉત્તેજન અપાઇ રહ્યું છે, ત્યારે સારી મંગલમય કલ્યાણકર વાતોને વહેવડાવી અને ઉત્તેજવી એ પણ મોટી સેવા કરવા બરાબર છે.

શુભનું દર્શન, સંકીર્તન, શ્રવણ, શુભનું વિતરણ તથા વિસ્તરણ.

વાણીથી શુભ બોલીએ. કલ્યાણકારક કહીએ. અન્યને સુખશાંતિ ધરીને, આશ્વાસન આશા માર્ગદર્શન આપીને ઉપયોગી બનીએ. વાણીની વિરાટ શક્તિનો સ્મયક્ વિચારપૂર્વકનો વિનિયોગ કરીએ. ભૂલેચૂકે પણ દુરુપયોગ ના કરીએ.

આપણે જે કાંઇ સાંભળીએ છીએ તેપણ સાંભળવા લાયક, લાભકારક સાંભળીએ છીએ એવું થોડું જ હોય છે? ના સાંભળવા જેવા કેટલાય શબ્દોને, વિષયોને સાંભળીએ છીએ. આવશ્યકતા વગરનું સાંભળીએ છીએ. કોઈની નીંદા, અનુચિત ટીકા, કરીએ છીએ અને સાંભળીએ છીએ. એને બદલે શ્રવણેન્દ્રિયની સહાયથી બીજાના ગુણોને સાંભળીએ. શુભ અને હિતકર હોય તેને જ સાંભળીએ. સાંભળવાનો સ્વભાવ પાડીએ.

શરીરને નીરોગી કરીએ. શક્તિશાળી બનાવીએ. અન્યના સેવાકર્મનું માધ્યમ કરીએ. પરમાત્માએ અર્પેલી જીવનરૂપી સંપત્તિનો સદ્દુપયોગ કરીએ. એની દ્વારા દેવોના દેવ પરમાત્માને



અનુભવીએ. પરમાત્માની વધારે ને વધારે અનુકંપાને પામી લઈએ. જે પરમાત્માનું છે તે પરમાત્માને માટે, પરમાત્માના જગતને માટેજ, વાપરીએ. સમસ્ત જીવનને, જીવનની સઘળી સંપત્તિને, એવી રીતે પરમાત્માના પરમપાવન સિંધુતરફ અનવરતરીતે અભિશરણ કરનારી સરિતા કરીએ.

તન પવિત્ર. મન પવિત્ર. વચન પવિત્ર. દર્શન પવિત્ર. ઈન્દ્રિયોની પ્રત્યેક પ્રવૃત્તિ. અંતર પવિત્ર. સમસ્ત જીવન પવિત્ર. આદિ મધ્ય અને અંત બધું જ પવિત્ર. સઘળું પરમપવિત્ર, સક્ષમ, શક્તિશાળી. વિભુનું વરીષ્ઠ વરદાન. અંતર્યામીનો આશીર્વાદ. ઋષિની ભાવના ને પ્રાર્થના કેટલી બધી ઉદાત્ત પવિત્ર પ્રાણવાનને પ્રાણવાનને ઝીલીએ, સર્વત્ર પ્રાવાહિત કરીએ, નરકની નિશાની મટી જાય. સઘળે સ્વર્ગ થાય.

ડરબન,
૨-૧૧-૮૨, શુક્રવાર

મનને એક ક્ષણ પણ પ્રભુથી જુદું પડવા ન દેવું. તેમનું જ ચિંતન, તેમનું જ ધ્યાન, તેમના સંબંધી જ ભાષણ ને તેમનું જ દર્શન કરતા રહી હૃદયને અલૌકિક આનંદથી સર્વદા ભરેલું રાખો. ખેદ, ભય, રાગ ને દ્વેષને ચિત્તમાં કદી પણ જગા ન જ આપો.

**—નાથ વચનામૃત**

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૧ જૂન–૨૦૦૯ અંક ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

આજે પૂ.‘‘શ્રી’’ નો સન્માન સમારંભ છે. સવારે પૂ.‘‘શ્રી’’ નિયમ મુજબ સ્નાન વ્યાયામ બાદ લેખન કાર્ય કરી લે છે. પોણાનવથી સવા નવ સુધી બહારગામથી આવનારાઓને પૂ.‘‘શ્રી’’ મળે છે.

આજે સૂરત, અમદાવાદ, કપૂરા વિગેરેથી ભાઈબેનો સમારંભ માટે આવ્યા છે.

સાડા નવ વાગ્યે હોલમાં જવા માટે શ્રી જીતુભાઈની ગાડીમાં પૂ.‘‘શ્રી’’ નીકળે છે. ગાંધીનગર ગૃહ ખૂબ જાણીતી જગ્યા છે. ત્યાંના વિશાળ હોલમાં પૂ.‘‘શ્રી’’નો સન્માન સમારંભ અને પૂ.‘‘શ્રી’’નું ‘દિવ્ય અનુભૂતિ’ના પુસ્તકની વિમોચન વિધિ પણ આજે જ છે.

દસ વાગ્યા પછી કાર્યક્રમ શરૂ થાય છે. પ્રથમ પ્રાર્થના પછી



સ્વાગત પ્રવચન, સ્વાગત વક્તાઓના બે બોલ પછી પૂ.‘‘શ્રી’’ને સન્માનપત્ર અર્પણ થાય છે. પૂ.‘‘શ્રી’’ તેનાં ઉત્તરમાં ૦।। કલાક વિદેશના અનુભવોની વાત કહે છે. ને એક ભજન ગવડાવે છે.

સમારંભ પૂર્ણ થાય છે. ભાવિક ભાઈબેનો પ્રણામને પુષ્પહાર અર્પણ કરવા પૂ.‘‘શ્રી’’ની બેઠક પાસે આવે છે. ફૂલોના હારથી ટેબલ આખું ઢંકાઈ જાય છે. ‘‘સર્વેશ્વરી’’ પાસે એક મોટો ફૂલનો ઢગલો થઈ જાય છે.

હોલમાંથી વિદાય લઈને ઉતારા ઉપર આવી જવાનું બને છે. આજે પૂ.‘‘શ્રી’’ એ ભોજનમાં મગભાત લીધાં. ભોજન બાદ શ્રી નારાયણભાઈ જાની વગેરે પૂ.‘‘શ્રી’’ ને મળે છે. વળી ચાર વાગ્યે જનારા ભાઈબેનો પણ પૂ.‘‘શ્રી’’ને મળી લે છે. પૂ.‘‘શ્રી’’ થોડો આરામ કરી લે છે.

આજે વિષ્ણુસહસ્રનો સમૂહપાઠ રાખ્યો છે. તેમાં સૌ ભાઈબેનો હાજરી આપે છે. છ વાગ્યે પૂ.‘‘શ્રી’’ ત્યાં પધારે છે. સત્સંગની બેઠક શરૂ થતાં પહેલાં પાઠ પૂરો થાય છે.

પાઠ પૂરો થતાં જ પૂ.‘‘શ્રી’’ ‘‘સર્વેશ્વરી’’ ને ડાયરીનો વિદેશયાત્રાનો ૧૧૦ મો દિવસ વાંચી સંભળાવવા કહે છે.

ત્યાર બાદ કોઈને કંઈ પૂછવું હોય તો પૂછો. પૂ.‘‘શ્રી’’ ના એ શબ્દો સાંભળતાં જ પ્રશ્નો શરૂ થઈ જાય છે.

પ્રશ્નઃ– વીર્યમાંથી ઓજસમાં રૂપાંતર કરવા શું કરવું?

પૂ.‘‘શ્રી’’ઃ– પ્રથમ તો મલિન વિચારોનો ત્યાગ કરો. મલિન વિચારથી જ સ્વપ્નદોષ થાય છે. નિયમિત પ્રાર્થના કરો. સાંજે જેમ બને તેમ જલ્દી ને હળવું ભોજન લો. વ્યાયામ કરો, ખોટા સંગનો હંમેશ માટે ત્યાગ કરો. એમ કરતાં કરતાં મન અંદરખાનેથી નિર્મળ થતાં થતાં સ્વપ્નદોષ ઓછા થશે. જીવનની

બને એટલી શુદ્ધિ રાખવી.

પ્રશ્નઃ— આપના સાનિધ્યમાં બેઠા હોઈએ ત્યારે ખૂબ ઉત્સાહ રહે પછી ઓછો થઈ જાય

પૂ.''શ્રી'':— સંતોના સાનિધ્યને લીધે સારા વિચારો, સારી વૃતિ તરફ મન વળે તે તો સારું જ છે, પણ તે સારા ભાવ ટકવા જોઈએ. તે ભાવ ખાસ ટકતા નથી, કારણકે તે અંદરથી હજી પ્રગટ્યા નથી. બાહ્ય આધાર રાખવો પડે. પણ તે અંદરથી જાગે તો અખંડ પ્રેરણા શક્તિ મળ્યા કરે. અખંડ પ્રેરણા મેળવવા આપણે આપણી ભૂમિકા તૈયાર કરી લેવી જોઈએ.

પ્રશ્નઃ— નાડી ને પ્રાણ ખેંચી સ્વામી સહજાનંદ સમાધિ કરાવતા એટલે શું?

પૂ.''શ્રી'':— સમાધિ બધાને નહોતા કરાવતા. યોગ્યતાને ભૂમિકા જેની તૈયાર હોય તેને તેવા અનુભવો થતા. પણ આપણને કોઈક સમાધિ કરાવે એના કરતાં આપણે જ ધીરે ધીરે રાગદ્વેષથી મુક્ત થઈ મંત્ર જપ કરી, આગળ વધીએ તે સારું.

પ્રશ્નઃ— અકસ્માતથી મૃત્યુ પામેલા જીવોની ઊર્ધ્વગતિ થાય?

પૂ.''શ્રી'':— દુર્ગતિ જ થાય. આપઘાત, અકસ્માતવાળાની લાલસા રહી જાય જેથી તેને અશાંતિ જ મળે.

પ્રશ્નઃ— આપણા મૃત્યુ પામેલા પૂર્વજો આપણા પર પ્રેમ વરસાવે ખરાં?

પૂ.''શ્રી'':— પૂર્વજોની ઈચ્છા હોય તો વરસાવે. સલાહસૂચના પણ આપે.

પ્રશ્નઃ— સૂક્ષ્મયોનિવાળા સત્સંગમાં આવે ખરાં?

પૂ.''શ્રી'':— હા, એમના શરીર વાયુ, અગ્નિ ને આકાશ તત્ત્વનાં બનેલાં હોય છે, જેથી આપણને તે ન દેખાય. પણ તે



આવી શકે. સંકલ્પ—વિકલ્પો, ચિંતન, કરી શકે. સૂક્ષ્મ ઈન્દ્રિયોના સૂક્ષ્મ સંસ્કારો એમનામાં હોય છે.

પ્રશ્નઃ— મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર શું છે?

પૂ.''શ્રી'':— મન નિર્ણય કરે ત્યારે તે બુદ્ધિ કહેવાય. મન શાંત રહે ત્યારે તે ચિત્ત કહેવાય. હું કરું છું એવો ભાવ કરે, ત્યારે અહંકાર કહેવાય.

પ્રશ્નઃ— મન ઉપર કાબુ કરીએ તો પરકાયા પ્રવેશ થાય?

પૂ.''શ્રી'':— પરકાયા પ્રવેશ થાય, પણ તે એક સિદ્ધિ જ છે.

પ્રશ્નઃ— અવકાશી પદાર્થો પર સંયમ એટલે શું?

પૂ.''શ્રી'':— પ્રથમ તો સંયમ એટલે શું? યોગદર્શનમાં લખ્યું છે. ધ્યાન, ધારણા ને સમાધિની ત્રિપુટી એકત્ર થાય ત્યારે તે સંયમ થયો એમ કહેવાય.

કોઈપણ પદાર્થની ધારણા એટલે કે કોઈપણ પદાર્થ ઉપર મનનું કેન્દ્રીકરણ તે ધારણા. ધારણામાંથી ધ્યાનમાં જવાનું. કોઈ એક જ પદાર્થમાં મન તૈલધારાવત્ રહે તે ધ્યાન.

સમાધિ એટલે જેનું પઁણ ધ્યાન થાય તે સિવાય બીજું કશું રહેજ નહીં એવી અતીન્દ્રીય અવસ્થા તે સમાધિ. જે યોગી સમાધિ સુધી જઈ શકે તેને સંયમ મળે. તે સંયમથી સિદ્ધિ—શક્તિઓ મળે.

પ્રશ્નઃ— આત્મભાવ માટે ધ્યાનમાં બેસવાનું જરૂરી છે?

પૂ.''શ્રી'':— પ્રથમ તો એ માટે આત્મતત્ત્વના વિચારો જ કરો. એ વિચારો પરિપક્વ થતાં ધ્યાનમાં બેસતાં જ આત્મભાવ શરૂ થશે. આખા જગત સાથે આત્મિકભાવથી સંકળાયેલો છું એટલે એવો આત્મભાવ સતત કર્યા કરવો.

આજે પ્રશ્નોત્તરીમાં આનંદ આવ્યો. વચ્ચે વળી પૂ.શ્રી એ

ત્રણેક પ્રશ્નો પૂછ્યા. સર્વેશ્વરીએ તેના ઉત્તરો આપ્યા. જેમાં વિદેશની યાત્રાની વાતો થઈ. પૂ.શ્રીની દિવ્યશક્તિના પ્રસંગો કહી સંભળાવ્યા.

સર્વેશ્વરીએ પૂ.શ્રીની સૂચનાથી એક ભજન ગવડાવ્યું. સત્સંગ પૂર્ણ થયો. સૌ પ્રણામ કરીને વિદાય લે છે.

મોરબીવાળા ભાઈઓ સાથે સર્વેશ્વરી ૦ાા ક્લાક ગાળે છે. તેમને પૂ.શ્રીની તસ્વીરોનો સંગ્રહ બતાવવામાં આવે છે.

પૂ.શ્રી દૂધ પીને આરામ કરે છે.

વિદેશયાત્રાની પૂર્ણાહૂતિ થઈ એ પ્રસંગને અનુરૂપ સમારંભ પણ થયો. (ક્રમશઃ)

ઈહલોકની તમારી આ યાત્રા કેવળ સ્થૂળ, ભૌતિક બાબતોમાં રાચીને મૃત્યુધર્મને પામવા માટે નથી. પ્રત્યેક જીવાત્મા તેના પોતાના શાશ્વત સ્વરૂપને પામવાના– આત્મસાક્ષાત્કાર પામવાના દિવ્ય પ્રારબ્ધ સાથે જ જન્મે છે. તમારું જીવન ઉચ્ચ મૂલ્યો માટે છે, એ શાશ્વત સંદેશને હંમેશ યાદ રાખો. –કઠોપનિષદ્

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

દીપક સી. મહેતા

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# અધ્યાત્મનો અનસ્ત સૂર્ય

**પ્રો. તરલા દેસાઈ**

'વિમલા ઠકાર' અધ્યાત્મ જગતનું એક ઝળહળતું નામ તા.૧૧ માર્ચ ૨૦૦૯ના રોજ આબુની 'શિવકુટિ'ની નિવાસિનીની દેહસીમિત સંજ્ઞા મટીને પરમતત્ત્વમાં ભળી અસીમ સ્નેહ કરુણાનું ચૈતન્યસ્વરૂપ બની ગયું.

તાઈ, દીદી, દીદીમા, 'મા' નું સ્નેહછત્ર જાણે વિસ્તરીને અનંત આકાશ બની ગયું જે સદાકાળ આપણા શિરે રહેવાનું છે, એવી અમીટ શ્રદ્ધાનું પ્રતીક બની સતત આપણને કહી રહ્યું છેઃ

'ન હન્યતે હન્યમાને શરીરે'

'Those who really meet never part'

'મનસા–વાચા–કર્મણા સત્યમય તમે રહેશો તો અમે તમારી આજુબાજુ જ છીએ, તમારામાં પ્રાણની જેમ સંનિકટ છીએ.'

'સમજણ પ્રગટતાં જે જીવવાનું મુલતવી ન રાખતાં બીજી જ પળે જીવવા માંડજો.'

'કોઈ'જી' ના કહ્યા પ્રમાણે નહિ તમારી અંતરાત્માની પ્રતીતિ પ્રમાણે ચાલજો.'

'આધાર લેજો પણ કોઈના આશ્રયે ન રહેતા.'

'સંતને નીરખજો, પરખજો ને જો એનામાં શ્રદ્ધા થઈ જાય તો પછી કાનામાતરાનો ફેર કર્યા વિના એનાં સૂચનો સંકેતો સ્વીકારજો…'

'જીવીશું તો પ્રેમીઓનો સંગ છે<br>મરીશું તો પ્રેમેશ્વરનો રંગ છે.'

એમ કહી જીવન—મૃત્યુ ઉભયનું સંતુલનભર્યું ગૌરવ કરનાર વિમલાજી કહેતાં, 'આ પ્રભુસમર્પિત કાયા વાસ્તવમાં છે પ્રભુની છાયા, કાયાને છોડી છાયા રહેતી નથી એટલે પ્રભુ છાયાની માયાને સમેટવા ચાહશે ત્યારે બહુ પ્યારથી સમેટી લેશે.'

આ જીવનમાં આનંદ જ આનંદ છે. શાનથી મરવામાં પણ આનંદ જ આનંદ છે.

વિમલાજીનું સમગ્ર જીવન જોતાં લાગે છે કે, એમના જીવન અને સંદેશ એમ કહી શકાય એવું નથી કારણ કે વચ્ચેનો 'અને' શબ્દ વધારાનો છે; જીવન એ જ સંદેશ છે. જીવન—સંદેશ, જીવન—અધ્યાત્મ અખંડ છે, અવિભક્ત છે.

'જીવન એ જ પરમાત્મા છે અને જીવન જીવવું એ પ્રભુપૂજા છે.' એ સત્ય પ્રતીત કરી, આજીવન એ જ સત્ય જીવનાર વિમલાજીનો જન્મ ઈ.સ.૧૯૨૩માં મહારાષ્ટ્રના આકોલા ગામમાં મધ્યમવર્ગનાં મૂલ્યનિષ્ઠ માતાપિતાને ત્યાં થયો હતો.

એ માતાના ગર્ભમાં હતો ત્યારે જ તેમના નાનાને સંકેત મળેલો કે 'આ વખતે જે જીવ અવતરવાનો છે તે તમારા લોકોના પરિવારનો એકલાનો નથી.'

એટલે બાપુસાહેબ ઠકાર અને ચંદ્રિકાને ત્યાં ચાર ભાઈઓ અને એક બહેન પછી જન્મેલી(રામનવમીએ) બાલિકાને નાનાએ 'દુર્ગા' કહી આવકારી, માતાપિતાએ 'વિમલ' નામ આપ્યું, જગત આખામાં 'વિમલા' તરીકે ઓળખાયાં. ને હજારોના હૃદયોમાં એ વિમલાતાઈ, દીદી, દીદીમા, વિમલામા, વિમલાજી તરીકે સન્માનિત થયાં.

'ઈશ્વર એ કોઈ સિદ્ધાંત કે તત્ત્વ નથી એ તો જીવનનું સનાતન સ્પંદન છે, તેના વિના શરીર ઉઠાવવું એ શબયાત્રા



જેવું છે.' એવી સતત સળંગ અનુભૂતિ કરનાર વિમલાજી કહે છેઃ

પાંચ વર્ષની ઉંમરે જ પ્રભુએ અમારી આંખો ને હૈયા પર કબજો જમાવ્યો હતો એટલે અધ્યાત્મ જીવવા સિવાય અમારે કોઈ આરો—ઓવારો હતો જ નહિ.

સાતમે વર્ષે તો શાળામાં 'આ વ્યક્ત જગત અવ્યક્તની છાયા છે' એવું લખી શિક્ષિકાને ચકિત કરી દે છે.

આઠમે વર્ષે માને ને ભાઈઓને કહી દે છેઃ 'મારી આંખોમાં પ્રભુ સમાઈ ગયા છે.' તેની બનાવેલી દુનિયામાં રહીને મારે તેની સેવા કરવી છે.

બારમે વર્ષે તો તે ભારતના લગભગ બધા સંતોના જીવનચરિત્રો વાંચી લે છે.

રાત્રે ભાઈઓ વાંચવા ન દે તો પલંગની આજુબાજુ ધાબળો ઢાંકીને ફાનસને અજવાળે ગ્રંથો વાંચે. ક્લાકો ધ્યાનમાં એવી લીન થઈ જાય કે ભાઈઓ શરીર પર ટાંકણી ઘોંચે, લોહી નીકળે એની જાણ પણ એને ન થતી. અરે! સળગતી દીવાસળી ની પણ કોઈ અસર ન થતી.

બારણું બંધ કરી ખંડમાં જમીન પર ચોકથી ભારતવર્ષનો નકશો દોરી એમાં રામેશ્વર, દ્વારિકા, કન્યાકુમારીનાં સ્થાન નક્કી કરી, લોટામાં પાણી ભરી એની ફરતે રૂમાલ બાંધીને તીર્થધામોની પ્રદક્ષિણા કરે. ક્યારેક હિમાલય દોરી પોતે ત્યાં જ છે એવું અનુભવે.

બાલિકા વિમલાને માએ ગળામાં બોરમાળા પહેરાવી તો દાંતથી ચાવી તે પેટીમાં મૂકી દીધી. જરીનાં કપડાં પહેરાવ્યાં તો ફાડી નાખ્યાં કહેઃ 'મને રામકૃષ્ણ અને વિવેકાનંદમાં અધિક રસ છે.'

ચિંતાતુર 'મા' તેને ડોક્ટર પાસે લઇ ગઇ. ડોક્ટરે કહ્યું 'છોકરી શારીરિક—માનસિક બંને રીતે સંપૂર્ણ સ્વસ્થ છે.'

બાર વર્ષની વિમલાને દાસગણુ મહારાજનું 'જ્ઞાનેશ્વરી'નું સંકીર્તન એવા ભાવવિશ્વમાં લઇ જતું કે, એની ચેતના ન રામની છબીમાં અટકતી ન કૃષ્ણની તસ્વીરમાં ગૂંચવાતી. નામથી પરે, રૂપથી પરે દોડવાની એને આદત કેમ ને ક્યારે શરૂ થઇ એની ખબરે ય ન પડી.

પહેલાં તે રામના ચિત્રનું અને પછી સૂર્ય—ચંદ્રનું ધ્યાન ધરતાં પણ ધ્યાન બહાર નહિ અંદર કરવાનું હોય એ સમજણ તુકડોજી પાસેથી મળી. એકવાર તો એમણે ૭૨ કલાક ધ્યાનમાં બેસવાનો પ્રયોગ કરેલો!

તન—મનને શદ્ધ રાખવાથી પ્રભુદર્શન થઇ શકે એ 'આંતરિક શુચિતા' નું લક્ષ્ય એમને સીતારામદાસજી પાસેથી મળ્યું.

કિશોરી વિમલાએ એક 'વિવેકાનંદમંડળ' રચેલું જેમાં મહોલ્લાનાં બધાં છોકરાં એકઠાં થઇ વિવેકાનંદના ગ્રંથો વાંચે અને પલાંઠી વાળી ધ્યાનમાં બેસે.

અભ્યાસમાં તો એ ભારે તેજસ્વી નીવડી. ચોથા ધોરણથી એને છાત્રવૃત્તિ મળી. આઠમામાં બોર્ડમાં પ્રથમ અને મેટ્રિકમાં પણ બહુ સારા ગુણ સાથે પાસ થયા પછી નાગપુરની કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

એ વખતે આક્કાની બીમારીના બહાના હેઠળ વિમલાજીને આકોલા બોલાવાઇ અને અલ્વરથી એને જોવા આવેલ યુવાન સમક્ષ સાડી—આભૂષણમાં એને સજ્જ કરી નાની—માએ મોકલી. એ યુવકે વિમલાને શું ભણ્યાં છો? રસોઇ આવડે છે? ગાતાં આવડે છે? જેવાં પ્રશ્નો પૂછ્યા. તો વિમલાએ સામે પૂછ્યું; 'આ સૃષ્ટિ કોણે રચી? સૃષ્ટિનિયંતા ક્યાં રહે છે?' ને પેલો યુવક હતપ્રભ થઇ ચાલ્યો ગયો.



પરણીને સંસારના ચક્રમાં અટવાવા કરતાં મરવું સારું. એવો નિર્ણય કરી વિમલાએ નદીમાં ડૂબવા જવાની તૈયારી કરી પણ 'કોઇની ચાખડીઓનો ખટ્ખટ્ અવાજ' દોઢ કલાક સંભળાયો અને એણે નિર્ણય બદલ્યો.

ફિલોસોફી સાથે એમ. એ. કરવા ભારે હાડમારી વેઠી. ભંડારાના વિદ્યાલયમાં વર્ગો લઇ, સાયકલ ચલાવી, ટ્યુશનો કરી, એક વાર જમી અભ્યાસ પૂરો કર્યો.

ઓમકાર સ્વામીએ એને સ્ફટિકનું શિવલિંગ આપ્યું. તો વિમલા કહે 'હું પૂજા નહિ કરું.' 'આ છોકરી વિશ્વભ્રમણ કરશે.' એમ એમણે કહેલું ને ૨૦ મે વર્ષે વિમલાને અમેરિકામાં 'વિશ્વયુવાસંમેલન'માં ભારતની યુનિવર્સિટીઓનું પ્રતિનિધ્ત્વ કરવાનું નિમંત્રણ મળ્યું. એકલા જતાં તે ગભરાતી હતી. માતુશ્રીએ કહ્યું : 'પ્રભુનિષ્ઠ વ્યક્તિ ક્યારેય એકલી હોતી જ નથી. પ્રભુ તેની સાથે જ હોય છે.' એ વચનથી એને હિંમત મળી, આત્મશ્રદ્ધા થઇ.

અમેરિકામાં વિમલાની અસ્ખલિત વાગ્ધારાથી પ્રભાવિત વિજયાલક્ષ્મી પંડિતે જવાહરલાલને તાર કર્યો : 'આ યુવતીનું વકતૃત્ત્વ અદ્‌ભુત છે. એને ઝડપી લો.' ને પંડિતજીએ એને કોંગ્રેસમાં જોડાવા, લોકસભામાં બેસવા અનુરોધ કર્યો પણ એણે કહ્યું : 'એ માર્ગ મારો નથી, માધ્યમ પણ નથી.'

ઇ. સ. ૧૯૫૨ માં ભૂદાનની આધ્યાત્મિક બાજુ જોઇ વિમલાજી એમાં જોડાયાં પણ એમાં કેટલીક વિસંગતિઓ જોઇ

એ અકળાયાં. વિનોબાજીએ તો 'દીવાના અજવાળામાં કોઇ ગીતા વાંચે કે કોઇ ચોરી કરે' એમાં દીવાનો શું દોષ? એમ કહ્યું ત્યારે વિમલાજીએ આ પ્રવૃત્તિ શરૂ કરનારની જવાબદારી રહે છે જ એમ સ્પષ્ટ કહી 'પ્રવૃત્તિના મિત્રોની વિદાય ૧૦ વર્ષે લીધી છતાં 'મૈત્રીનો અંત આવતો નથી' એમ ભાવથી કહ્યું.

પછી જયપ્રકાશજીના લોકતંત્રની વિભાવના સુસંગત જણાતાં પ્રજાચેતના સાથે નાતો બાંધવા એક વર્ષ ગુજરાતની પદયાત્રા કરી, સખ્ય, સહયોગ—સહજીવન પર આધારિત જીવનરીતિ સ્થાપી. પોતાના ચિત્તની શુદ્ધિ માટે ભારતમાતાને ચરણે જીવનોત્સર્ગ કરવા ચાહતા જીવનસાધકોની પંક્તિ નિર્માણ કરવા મથ્યાં.

'બિરાદરી' અને 'અભિનવ'માં એ સક્રિય રહ્યાં.

કોઇ રાજ્યસત્તા ને પક્ષથી દૂર રહી, રાષ્ટ્રહિતલક્ષી ચિંતન કરી, સંપૂર્ણ ક્રાંતિ દ્વારા લોકોની સત્તાને સર્વોપરી ગણવા કહ્યું. હિંસા, આતંક, સંગઠિત ધર્મની સામે ઉગેલા વિજ્ઞાન અને અધ્યાત્મના પ્રભાતને પોખ્યું.

પોતાની 'વિશ્વવ્યાપી ચેતના' Call of love ગણી, ૪૦ જેટલા દેશોમાં ફર્યાં.

જ્યુરિક, ઇંગ્લેન્ડ, રોમ, હોલેન્ડ, માનેન, જિનીવા, પેરિસ, કેરો, તહેરાનમાં.

૬૫માં ફ્રાન્સ, હોલેન્ડનાં સાત નગરો ઉપરાંત સ્વિત્ઝર્લેન્ડ, નોર્વેમાં શિબિરો—વ્યખ્યાનો કર્યાં.

શ્રીલંકામાં ત્રિકોમાલી, જાફના નેકન્ડીમાં પૂર્વ ઓસ્ટ્રેલિયામાં.

તો ૧૯૭૭ કેલિફોર્નિયા, ૭૬માં સ્કોટલેન્ડ, કેનેડા, એડિનબર્ગ, લીવરપુલ, વિમ્બલ્ડન, બર્લિન, બર્કલેમાં.



તો સિડનીથી ૧૦૦ કિ.મી. દૂર વનવૃક્ષોના નાશને રોકવાના અભિયાનમાં માર્ગદર્શન આપ્યું.

૮૨માં ઓસ્ટ્રેલિયા, કમ્યુનસિડનીને ન્યૂ સાઉથ વેલ્સ પણ ગયાં.

જગતભરનાં રોજનીતિજ્ઞોને પત્ર પાઠવી 'Peace is not policy, not a creed, if is a way of life' જણાવ્યું.

૧૯૮૩માં ચીલી ગયેલ પાછાં ૧૯૮૯માં ગયાં. ૮૬,૮૭માં આર્જેન્ટિનામાં 'રાષ્ટ્રીય પરિસંવાદ' ના અધ્યક્ષા બન્યાં.

૧૯૯૧માં એમના 'વિશ્વપ્રવાસપર્વ' ની પૂર્ણાહુતિ થઇ. પણ ચોતરફ 'ફ્રેન્ડઝ ઓફ વિમલા' નો એક પરિવાર ઊભો થયો.

આમ જીવનકાર્ય—યુગકાર્ય બન્યું.

વિમલાજીની દૃષ્ટિએ સમાજનું નગદ સત્ય વ્યક્તિ છે. વ્યક્તિમાં જો સમગ્ર ગુણાત્મક રૂપાંતર થાય તો જ તેની અસર સમાજમાં વિધાયક સ્વરૂપે પ્રસરે.

એમની શ્રદ્ધા નીયતિ કે 'કાળને ઓળંગીને આ યુગક્રાંતિની નાની—શી ધારા વિસ્તરીને ક્રાંતિગંગાનું વ્યાપક સ્વરૂપ ધારણ કરશે.'

વિમલાજીએ માનવસંબંધોનું ગૌરવ હંમેશાં પ્રમાણ્યું છે અને કહ્યું : 'જે શીખવા મળ્યું છે તે જીવન થકી જીવનના વિવિધ સ્વરૂપે વ્યકિતઓ માધ્યમ બનીને આવી છે. નાના. માતાપિતા, દાદા, સંતો—સાધુઓ, શિક્ષકો, સમાજહિતચિંતકો, ગ્રંથો, કર્મ—ચિંતન સૃષ્ટિ—ભગવદ્‌સત્તાનો અનુભવ' આનાથી જીવનયાત્રાને સુંગધ મળી છે. પિતાજીએ કહેલું, 'પરમ સત્ય તારી ભીતર છે એ જ ગુરુ બનીને પથપ્રદર્શન કરશે બહાર ગુરુ શોધવાની જરૂર નથી.'

દાદા ધર્માધિકારી સહજયોગી હતા. અધ્યાત્મમાં સામાજિકતાની વાત દાદાથી સમજાઇ. એમની વૈરાગ સાથેની ગૃહસ્તી હતી.

જે.પી. મહાન નેતા, દેશભક્ત છે અંદરથી તેમનું કેટલું સાધુત્વ છે, સંતત્વ છે એનો કોઇને ખ્યાલ નથી.

જસલોકમાં જે.પી.ને હૈયાધારણ આપેલી કે 'જ્યાં સુધી જીવંત છું ત્યાં સુધી તમારી મશાલને બુઝાવા નહિ દઉં.'

વિનોબાજી આધ્યાત્મિક વિભૂતિ છે એમણે ઈશ્વરનિષ્ઠ જીવનદર્શન અને અધ્યાત્મપ્રવણ સેવાભાવી કાર્યક્રમ દેશને આપ્યો છે.

જે કૃષ્ણમૂર્તિ માટે કહે છેઃ

'માનવમુક્તિના એ એકાંકી મસીહા પાસેથી હું ઘણું શીખી છું.'

વિમલાજીના કાનનાં દુખાવો એમની રોગહરણ શક્તિથી દૂર થયો.

'મનના સંબંધમાં પ્રણવ જેવો સંહાર સર્જ્યો છે' અંદરથી કોઇ વસ્તુ છુટકારો પામી. અહંકારના ટુકડે ટુકડા થતા તેમણે અનુભવ્યા. વિમલાજીને પ્રતીતિ થઇ કે,

'વ્યક્તિગત મુક્તિ જ સાચું તથ્ય છે. સામૂહિક સર્જનના પુરુષાર્થમાં આપણી શક્તિ વિખેરી દઇશું તો સ્વતંત્રતા મર્યાદિત થઇ જશે ને વ્યક્તિ ગૂંગળાઇ મરશે.'

જો કે, કૃષ્ણમૂર્તિએ તેમને કહ્યું 'આ વૃદ્ધ લોકો જેઓ ખોટે રસ્તે જાય છે તેમની નીચે બોમ્બ કેમ મૂક્તાં નથી! તમારી અંદર અગ્નિ છે એને બુઝાવા ન દેશો.'

પણ વિમલાજી કૃતનિશ્ચય બની ૧૯૬૩માં આબુ ચાલ્યાં



ગયાં. કહી દીધું કે, 'કોઇનું જીવનવ્રત ઉપાડીને ચાલવાનો મારી પાસે વખત નથી.'

ઝેર પીવા—જીરવવા એ નીલકંઠ બનતાં 'વિમલા તો સો ટચનું સોનું' છે એમ દાદા, તુકડોજી, અચ્યુતજી બધા જ કહેતા. મા આનંદમયી, ગૌરીશંકર, જ્ઞાનેશ્વરી, ઠાકુર બધાં સાથે 'ધબક્તો ચૈતન્યસંબંધ.'

વિમલાજીએ ગંગાકિનારે રામતીર્થ ગુફામાં ટિહરીમાં ૭૦ દિવસનો એકાંતવાસ પણ કરી જોયેલો. એણે શીખવાડ્યું : 'એકાંતમાં શાંતિ ભારેખમ હોય છે. લોકાંતમાં એ હળવી ફૂલ હોય છે.'

પછી તો આબુની શિવકુટીને અને ડેલહાઉસીને સાધનાકેન્દ્ર અને સત્સંગકેન્દ્રનો મહિમા બક્ષ્યો.

હજારો જિજ્ઞાસુઓ દેશ—વિદેશમાંથી એમની પાસે આવતા રહ્યા અને એમને બદ્રીકેદાર—ચાર ધામ જેવાં તીર્થ ગણી વિમલાજી આવકારતાં રહ્યાં, માર્ગદર્શન આપતાં રહ્યાં.

ગુરુ, ઉપદેશ નહિ, શિક્ષક બનીને સખ્યના આયામમાં સત્ય પર અધિષ્ઠિત પ્રેમથી સુરભિત અધ્યાત્મની પ્રતીતિ કરી અને કરાવી કહેતા રહ્યા :

'બહિરંગમાં તો તમે સાથ આપો છો પણ અંતરંગમાં સાથ આપવા, સત્ત્વના સાથીદાર બનો. પગ ન પકડો. હાથ ઝાલી સાથે ચાલો. તમે પણ વિશ્વચેતનાના આકાશમાં મૂકાશો.'

'સાધનાનો અર્થ છે કદી જૂઠું ન બોલવું. સત્યનિષ્ઠા માટે જે આહુતિ આપવી પડે તે આપવા તૈયાર રહેવું. સત્ય વાણી અને સત્યાચરણ મારા પ્રાણ છે.'

વિશ્રાંતિના પર્વમાં પણ ભારત માટે રક્ષ ભારતમ્ 'રક્ષ

ભારતમ્' અહર્નિશ રટતાં કહેતાં : 'દેશની રક્ષા માટે મારા હાડમાંસની ચાદર બિછાવી દઉં?'

આયુષ્યના અંતિમ ચરણમાં, ૭૭ થી ૮૫ વર્ષ સુધી રાષ્ટ્રપ્રેમ માટે, વિશ્વકલ્યાણ માટે, જિજ્ઞાસુ માત્રને પ્રભુમાર્ગે રાખવા પ્રેરણા અર્પનારાં વિમલાજી વિનમ્રતાથી કહેતાં:

'અમે તો છીએ નમી પડેલા અહમ્‌નો ધૂપદીપ! પ્રતિક્ષણ જીવનવિભુને ચરણે ધરવામાં ગુલતાન.'

જીવનને 'ઉલ્લાસનું પર્વ' ગણી જીવનારાં વિમલાજી 'વિસોપન—વિસર્જન પર્વ' ને પણ એવા જ ભાવથી આવકારી કહેતાં:

'દેહ છે ત્યાં સુધી પ્રભુપ્રેમ પ્રગટાવવા મથીએ છીએ.

સંસાર આખામાં એક રહે છે ભગવાન ને બીજો ભક્ત. ત્રીજું કોઇ છે જ નહિ.'

'હૃદય નીરવ એકાંતમાં ઊતરી ચૂક્યું છે.

નિત્યકર્મ કરતાં—કારવતાં પણ આત્માનુસંધાનની સહજ સમાધિ તૂટતી નથી.'

અમારા દેહનું અમને ખાસ મહત્ત્વ નથી. પ્રભુએ આ દેહમાં મૂક્યા છે એટલે પ્રેમથી રહીએ છીએ.

વ્યક્તિ તો નિમિત્ત છે. આજે વિમલ નામનો દેહ છે, કાલે બીજો કોઇ દેહમાં પ્રગટ થશે.

આ દેહની મઢૂલીમાં રહેનારો હંસલો તો ઊડી જાશે. વિમલગાથા રહી જશે.

'મેં તો વણી લીધા શ્રીહરિને મ્હારા અંગ અંગ પ્રત્યંગે વ્યક્તિરૂપ અમે વિશ્વવિમલ નારીરૂપ અને નારાયણ.'

આમ વિમલચૈતન્યસૂર્ય પૂર્ણ ઝળહળ્યો. અસામાન્યતાનું



ઐશ્વર્ય છલોછલ છતાં એમણે એટલું જ કહ્યું,

'સત્યને જાતે જોવું
સત્યને જીવવાના પ્રત્યેક શ્વાસમાં
પ્રત્યેક શબ્દમાં, પ્રત્યેક ક્રિયામાં
વ્યક્ત થવા દીધા સિવાય બીજું
કશું કર્યું નથી. એવી આ
સામાન્ય વ્યક્તિ છે.'

પ્રભુનો પરમ અનુગ્રહ કે તમારા જીવનમાં અમારો મેળાપ થયો.

સમર્પિત થઇને અકર્તાભાવે જીવવા માંડશો તો કેવળ અમારું સ્મરણ કરવાથી અમારી બધી શક્તિઓ તમારા ચિત્તમાં સંક્રાન્ત થશે.

આત્મનિષ્ઠોની મૈત્રી માટે અમે હાથ પ્રસાર્યો છે. એમાં આપ જે કંઇ આપશો તે આપને જ પાછું મળશે. ક્યાંય જશે નહિ. વિમલાજી દેહમાં રહ્યાં છતાં 'આત્માની યાત્રા' હર પળ કરતાં રહ્યાં.

સાચે જ વિમલાજી મહાનલની ચિનગારી સ્વરૂપે અધ્યાત્મની અગ્નિશિખા રૂપે હતાં, છે, રહેશે. એમના 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' ની એકતાના આલોકના અરીસામાં જિજ્ઞાસુઓ નિજરૂપ જોઇ શકશે. 'જિજ્ઞાસુઓનું નિજરૂપ એ જ અમારું સ્વરૂપ છે' એમ કહી પ્રેમથી કહેનારા અદ્વૈતનું મહિમાગાન 'મૈત્રીના મધુર મહોત્સવ' એવા માનવજીવનનું સદૈવ મંગલગાન કરનારાં—કરાવનારાં વિમલાજીને કોટિ કોટિ પ્રણામ.

# પૂ.માની નિત્ય નોંધ

**મા સર્વેશ્વરી**

જાણે હે હરિ આપના એ ત્રણે બાળકોએ સાધના ને પામો શાંતિ. પામો પરમવિશ્રામ. આપના આ ત્રણે બાળ ભક્તોનો એ પરોક્ષ આદેશ આપનો જ આદેશ છે એમ માનીશું– તો આ શાંત, રમણીય, એકાંતને દીપાવવા હે હરિ આપ જ સહાયક થજો. હે મહાબળેશ્વર પ્રભુ આપના પાવન શ્રી ચરણે લક્ષકોટિ પ્રણામ. આપના શ્રી અંકે રમાડજો જપાવજો.

સરોવર જાણે શબરીનું સતત સ્મરણ કરાવે છે. કેવી ઉત્કૃષ્ટ ભક્તિ હશે? જેનાથી આકર્ષાઇને ભગવાન સ્વયં સામેથી પધાર્યા. ધન્ય કરી. હે હરિ, અમે પણ એવા જ સરોવરને, એવી જ શબરીને, એવા જ ભગવાન શ્રીરામનું સતત સ્મરણ કરીએ છીએ. તો એ સ્મરણના તારે પુનિત પગલી આ સર્વેશ્વરીને દ્વારે પૅણ પાડજો.

આ આપની પ્રકૃતિ એ સર્વ સંતાપો, દુર્ગુણોના પાંદડાને વિદાય કરી હરિયાળી બનીને આપની પ્રતીક્ષા કરી રહી છે.

વાટ જોતાં જોતાં જાઁણે શ્વાસને પણ વિરામ આપી દીધો છે. વાયુદેવતા પણ એની સામે મૌનધરીને એ પ્રકૃતિની પ્રતીક્ષાને અચરજ સાથે નિહાળ્યા કરે છે.

પ્રકૃતિ ને પરમ પુરુષ પધારશે એવી શ્રદ્ધા છે એ શ્રદ્ધા સાથે એની પરસાળમાં એ પ્રતીક્ષા કરતી સ્તબ્ધ ઊભી છે.

અહીં ગીરીરાજ પણ પ્રતીક્ષામાં સહયોગ ધરે છે. ગીરીરાજે પણ પોતાના બધા જે સંતાનોને હરિયાળા વસ્ત્રોથી સજ્જ કર્યા છે. બધાની નજર જાણે શ્રી પરમાત્માના પંથ ઉપર છે. એટલે એ



પણ આતુરતાથી સ્થિર બનીને ઊભા છે. ક્ષણ માટે પણ અસ્થિર થતો નથી.

તો પાસે જ પેલું પંપા સરોવર પણ છે. તે સરોવરનો જળપ્રવાહ પણ જાણે સમાધિસ્થ. બધાની જ આંખોમાં પ્રતીક્ષાનો પવિત્ર પ્રેમ જ વંચાયા કરે છે.

પ્રકૃતિ પાસે વાણી નથી નહીં તો કેટલાયે કાવ્યોમાં પોતાની પ્રતીક્ષાની તીવ્રતા વણી લીધી હોત.

વનરાજીમાં વિવિધ પ્રકાર છે. સૌનો રંગ એકસરખો છે. પણ ઊંચાઇ, આકાર, સરખા નથી. કેટલાક તો વાંકા ઊભા છે. કેટલાક સીધા છે. કેટલાક વળી પાસે ઊભેલાની ઉપર ચઢીને ઊભા છે. કોઇ વળી જાડા છે. કોઇ પાતળા છે. કોઇ ઘટાદાર છે તો કોઇક વળી ત્રણ ચાર મોટા પાંદડાની થાળી કરીને ઊભા છે. માને છે કે પ્રભુ આ મારી પર્ણ પથારી ઉપર જ પગલાં પાડશે. સૌ પોતપોતાના મનમાં વિચારે છે કે કોને ત્યાં પહેલી પધરામણી પરમેશ્વર કરશે. કઇ દિશાએથી, કેટલા વાગ્યે, કેવી રીતે પધારશે કોઇ જાણતું નથી. એટલે સૌ સમૂહમાં સ્થિર ઊભા. સૌના એક જ પ્રભુ. પરમેશ્વરની પ્રતીક્ષા કરે છે. પણ સૌ શાંત છે. માનવજગતની જેમ અહીં ધક્કામુક્કી નથી, શોરબકોર પણ નથી. અરે, મોટા મોટા માઇકના ઘોંઘાટ પણ નથી. પોતે જ રંગોળી બની ગઇ છે. પોતે જ આમંત્રણ પત્રિકા બની ગઇ છે. પોતે જ પગદંડી બની ગઇ છે. બહારના કોઇ કૃત્રિમ શણગાર એને જરૂરી નથી લાગ્યા. પોતાની સામગ્રીથી પોતાનો શણગાર. દોડધામ નથી.

સૌ મૌની યોગી, ભક્ત બનીને પરમેશ્વરની પ્રતીક્ષા કરી રહ્યા છે.

આ મહાબળેશ્વરની પ્રકૃતિ માને સતત કાનમાં કહી રહી છે. શ્વાસે શ્વાસે પ્રતીક્ષા કરો. સમગ્ર ધ્યાન શ્રી હરિના આગમનમાં જોડી દો. મૌન રહી, શાંત બની ધીરજ રાખો. અમારી જેમ માનસિક મંત્ર જપ કર્યા કરો.

હા, આકાશમાં વચ્ચે વચ્ચે ૨૦–૨૫ પક્ષીઓ જાણે રાસ ગરબા લઇ રહ્યાં છે. કદાચ એમને ત્યાં પ્રથમ પગલા પાડે તો તેના સ્વાગતમાં આ ૨૦–૨૫ પક્ષીઓ પ્રસન્નતાથી વિહાર કરી રહ્યા છે. કદાચ પ્રકૃતિએ એના પક્ષીઓને કહ્યું હશે પ્રભુનું જેવું આગમન થાય એટલે તરત જ એમને જાણ કરજો.

કૃપાને, આશીર્વાદને, દર્શનને ઝીલવા, પચાવવા, ટકાવવા, સ્થિરતા, એકાગ્રતા તો જરૂરી જ છે ને! પ્રકૃતિ સાથે સૌ માને પોતાનો મહામંત્ર સંભળાવી રહ્યા છે, નિરાશ ના થતા. ધીરજ રાખજો. પ્રતીક્ષા કોઇક ધન્ય ક્ષણે પૂર્ણ તો થશે જ.

મહાબળેશ્વરનું પ્રાકૃતિક સૌંદર્ય માત્ર મા પાસે જ મૌન છોડીને જે જે સંદેશાઓ આપવા માગે તે તે ધરી દે છે.

હે પ્રકૃતિ, તારી અનેકવિધ અવસ્થાને, તારી અનેકવિધ વિશેષતાને, તારી પ્રતીક્ષાભરી ધીરજને સાચે જ બધાના વંદન હો, વંદન હો, વંદન હો.

તારા જેવી ધીરજ, તારા જેવી મૌન શક્તિ, તારા જેવી પ્રતીક્ષાની લગની અમને પણ ધરી દે. વિવિધ પ્રકારની સર્વ પ્રકૃતિ પ્રભુને માટે કેવો પ્રેમ અને સંપ સૌને શીખવી રહ્યા છે.

એ પ્રકૃતિના સ્વામી આપને પ્રણામ. આપે એને સર્વ સૌંદર્ય ધરીને આપની સર્વ પ્રકારની શક્તિને અહીં પ્રદર્શિત કરી છે.

હે પ્રકાશભાઇ, રાજીવ, દીપેશ આપને ફરી ફરી અભિનંદન, અભિનંદન.



મહાબળેશ્વરની યાત્રામાં જોડાવવા શ્રી જગનિર્મલ તા.૨૪મી એ નવસારીથી મુંબઇ આવવા નીકળે છે.

બોરીવલી એકાદ ક્લાકની વાર હતી. ત્યાં જ શ્રી જગુભાઇનો ફોન આવે છે.

અમને ઘરે આવતાં બે ક્લાક થશે. ખૂબ ટ્રાફિક છે. જરા પણ આગળ વધતો નથી.

સારું.

ફોન પૂરો કરી શ્રી મધુભાઇ માની રૂમમાં સંદેશ આપે છે.

મા લખે છે ફરી ફોન જોડો.

ફોન જોડાઇ જાય છે.

કેમ છો? ક્યાં છો? ક્યારે દર્શન આપો છો? રસ્તે છીએ. બે ક્લાક થશે. દર્શન તો અમારે આપના કરવાનાં છે.

ખૂબ ટ્રાફિક છે તો એક કામ કરો. ત્યાં જ રાત રહી જાવ. અમે જ્યારે પણ યાત્રામાં નીકળીશું ત્યારે એ રોડ ઉપરથી જ તમને પીકઅપ કરી લઇશું.

ના,મા. અમે આવીએ જ છીએ.

સારુ.

ફોન મૂકાઇ ગયો. આનંદ, તેજલ, મધુભાઇ ત્રણેએ આ વાત સાંભળી છે.

પંદર મિનિટ વીતી ગઇ ત્યાં ફરી ઘંટડી રણકી છે.

જય કૃપાળુ મા.

તમે કોણ?

હું જગુભાઇ

નીચે આવી ગયા?

ના રે ના. હજી તો રોડ ઉપર જ છીએ.

આનંદનું કામ પડ્યું છે. આનંદ ઘરે છે?

હા.

આનંદ આવે તો અમે ઘરે આવી શકીએ.

કેમ આવું બોલો છો? ઘર તો ખુલ્લું જ છે.

વાત એવી છે કે અમારી ગાડી બગડી છે. જરા પણ ચાલતી નથી. રોડની એક બાજુ લીધી છે. રીપેર કરાવવી પડશે. અમે રીક્ષા કરવા વિચાર્યું પઁણ સામાન ખૂબ છે. બે રીક્ષામાં પઁણ સમાય તેવું નથી.

તો આનંદે આવવું પડશે. અમને પીક અપ કરી લે. ભલે. આનંદ ૫ મિનિટમાં જ તમારી પાસે આવવા નીકળે છે.

સારું. જય કૃપાળું મા.

(ક્રમશઃ)

વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.
**આ દિવસો પણ ચાલ્યા જશે.**
**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# ગંગોત્રીની યાદ

**ઈશ્વરભાઈ ભક્ત**

મને બરાબર યાદ છે કે ઈ.સ. ૧૯૮૩ના જુન માસના પ્રથમ દિવસે અમે પૂજ્ય યોગેશ્વરજી સાથે ગંગોત્રીમાં હતાં. અમે બધાં મળીને મા સર્વેશ્વરી સાથે અગિયાર જણ હતાં. ગંગોત્રી લગભગ દસ હજાર ફૂટની ઊંચાઈએ છે. ઝરણામાંથી નદી સ્વરૂપે ગંગાજી અહીંથી પ્રગટપણે ખૂબ વેગથી વહેવા લાગે છે. અમે તો ત્યાં છેક સાંજે પહોંચ્યા હતાં. બસમાંથી ઉતરતાજ સામેના પહાડોના શિખરો જાણે હસતા હસતા આનંદથી અમારો સત્કાર કરતા હોય તેવા બરફથી બનેલા જણાતા હતા! ઉનાળાનો દિવસ હોવા છતાં અમે ઠંડીનો અનુભવ કરતાં હતાં.જાણવા મળ્યું કે રાત્રે તો પવન પણ ફૂંકાતો હોય છે! રાત્રે બહાર નીકળવાની કોઈ હિંમત કરે જ નહીં ! આવું વાતાવરણ છતાં અહી રાત્રિ રોકાણ કરનાર યાત્રાળુઓ સારા પ્રમાણમાં હોય છે. રહેવાનું અને જમવાનું મોંઘુ હોવા છતાં લોકો સંધ્યાટાણે થતી ગંગાજીની આરતીમાં હાજરી આપવા શ્રદ્ધાથી રોકાવાનું પસંદ કરે છે. વળી અહીં સ્નાનનો પણ મહિમા છે. જો કે પાણી તો ખુબ ઠંડું હોય છે. પગ બોળવાની ભાગ્યે જ કોઈ હિમ્મત કરે! તે છતાં શ્રદ્ધા ભક્તિથી લોકો સ્નાન કરે છે.

અમે પણ આરતીમાં હાજર રહેવા ઉતાવળે ઉતારો સ્વીકારી લીધો હતો. હાથ પગ મોં ધોઈ સંધ્યાટાણે સમયસર બધાં આરતીમાં હાજર રહી શક્યાં હતાં. અસ્ત થતા સુર્યની આભા જોઈ હૃદય આનંદિત થયેલું. એક તરફ આરતીના લોકસ્વરને

ઉઠાવ આપતો ઘંટનાદ થતો હતો અને બીજી તરફ તે નાદમાં સંવાદી બનવા પ્રયત્ન કરતા ગંગાજીના વેગનો ઘુઘવાટ ભળતો હતો. વાતાવરણ ખૂબ દિવ્ય લાગતું હતું! અમે પણ કેટલા બધાં સદ્‌ભાગી કે દિવ્ય વાતાવરણનું અમૃત લોકોત્તર મહાપુરૂષની દિવ્ય ગોદમાં રમતાં રમતાં આકંઠ પી રહ્યાં હતાં! મુગ્ધ મન જન્મસ્થળ, ઘરબાર બધું જ ભૂલી ગયું હતું!

રાત્રે આરામ કર્યો હતો ને સત્સંગની સુધાનું પાન કર્યું હતું. જો કે પૂજ્યશ્રીની તબિયત સારી જણાતી ન હતી. તેમના શરીર પર થાક વર્તાતો હતો. મરચું ખોરાકમાં સહેજ પણ અનુકૂળ ન હતું! તેથી ભૂલેચૂકે મરચું જરા પણ આવી જતું તો તેમને ઝાડા થઈ જતા હતા. તે કારણે અશક્તિ પણ જણાતી હતી. છતાં તેઓ અમારી સાથે હંમેશા જોડતા હતા. રાત્રે સત્સંગમાં અનેરી મજા આવી હતી. તેમની શીઘ્રકવિત્વ શક્તિનાં અમને સહુને દર્શન થયાં હતાં! શ્રા જિતુભાઇના સંબંધી કે જેઓ મહાત્માજીની ગાડી હાકીને આવ્યા હતા તેમણે એક પદ ગાયેલું. તે પદમાં શ્રી કૃષ્ણના રસિકપ્રસંગો વણી લેવામાં આવ્યા હતા. પૂજ્યશ્રીએ તરત જ સરસ, સરળ અને સચોટ અનુકૃતિ ગાય બતાવી હતી. ગાતી વખતે તેમણે કરેલો અભિનય આકર્ષક હતો. તેઓ એક શ્રેષ્ઠ અભિનેતા હોય તેવું લાગતું હતું! મહાત્માજી ખૂબ રંગમાં જણાતા હતા!

ત્યાર પછી મોડી રાત્રે સરકારી ડાક બંગલામાં ઉતારો મળી જતાં તેમણે પોતાનો મુકામ બદલ્યો હતો. સાથે મા, મોહનલાલ જીતુભાઈ ગયેલાં એવું યાદ છે. રાત્રે અંધારું હતું. જવાનું જરા દૂર હતું. બેટરી હોવાથી રાહત હતી. શ્રી મોહનલાલે આવીને



થંડીના ચમકારાની અને અપાર ધ્રુજારીની વાત કરેલી તે ભૂલી શકાય એવી નથી.

સૂર્યનો તડકો નીકળ્યા પછી અમે તો સવારે બહાર નીકળ્યા હતાં. ડાક બંગલો સારી રીતે દેખાતો હતો. આ પાર અમારો ઉતારો હતો. વચ્ચે ગંગાજીનો વેગવાન પ્રવાહ. ડાક બંગલાની બહાર સૂર્યના તડકામાં બેસીને મહાત્માજી તથા મા નિત્યકર્મમાં મશગૂલ જણાતાં હતાં! પૈસા આપીને ગરમ પાણી કરાવીને જ મેં તો સ્નાન કરેલું! ગંગાજીમાં સ્નાન કરવાની હિમ્મત થયેલી નહિ. માથે સૂર્ય પહોંચશે પછી જોઇશું એવો વાયદો મેં કરેલો! નાહીધોઈને અમે મહાત્માજી પાસે પહોંચી ગયેલા અને પંદર મિનિટ ધ્યાન કરેલું! ત્યાર પછી આસપાસ ફરવા નીકળ્યા હતા. પ્રથમ તો ગંગાજીના સામે કિનારેના મકાનોનો બહારથી પરિચય કરેલો. માથે સૂર્ય આવ્યો ત્યારે સ્નાને ઈરાદે બધાં ગયેલાં! કુંદન બહેન અને સુશીલાબહેનને મા કંઇક કહી રહ્યાં હતાં, ત્યાંરે અમે મહાત્માજી સાથે પ્રવાહની પાસે પહોંચી ગયા હતા. સ્પર્શ કરતાં જણાયેલું કે એકલું બરફનું જ પાણી છે! એટલે મેં તો માત્ર હાથપગ ધોઇને સંતોષ માન્યો હતો. તે વખતે મહાત્માજીએ મને ટકોર કરેલી કે તનને નહીં પણ મનને સ્નાન કરાવો! મનના સ્નાનનો મહિમા છે! મેં જવાબ વાળેલો કે આપના સાન્નિધ્યની ગંગામાં મારું મન સદા સ્નાન કરી જ રહ્યું છે! મહાત્માજીએ સસ્મિત આખીએ વાતને સરસ રીતે પલટાવી દીધી હતી. ત્યાર પછી આસપાસના સ્થળનો થોડો ખ્યાલ આપ્યો હતો.

ફરતા ફરતા તપોવન તરફ જતા હતા. સ્વામીશ્રી તપોવનજીનું સ્થળ જોવાની ખાસ ઇચ્છા હતી. સ્વામી

ચિન્મયાનંદજીના ગુરુ તરીકે તેઓ પ્રસિદ્ધ હતા. ચાલતા ચાલતા નંદજીના ગુરુ તરીકે તેઓ પ્રસિદ્ધ હતા. ચાલતા ચાલતા સિદ્ધ સંતપુરૂષોની ચર્ચા વિચારણા થઇ રહી હતી. સિદ્ધ પુરુષોના રહેઠાણની વાત નીકળી ત્યારે મહાત્માજીએ એક ગૂઢ વાતનો ઉલ્લેખ કર્યો હતો:“અત્યારે આપણી સાથે દસ સિદ્ધ મહાપુરુષો ચાલી રહ્યા છે!” મેં પૂછ્યું:“તેઓ વાતો કરે છે?” પૂજ્ય શ્રી બોલ્યાઃ “હા, તેઓ અવારનવાર મારી સાથે વાતો કરી લે છે!” તેમણે એમ પણ કહ્યું કે “તેઓ તો આપણી સાથે ઉત્તરકાશીથીજ સાથે છે!” “તેમને આપણી સાથે ફરવાનો ખૂબ આનંદ આવે છે!” વાતવાતમાં ગૂઢ ગંભીર રસસ્ય પ્રગટ થયેલું જોઈ અમે આશ્ચર્ય ને આનંદ બંને અનુભવ્યા હતા.

સામાન્ય માણસને ગળે ઉતરે નહીં એવી આ ગૂઢ વાત છે. બુદ્ધિવાદીઓ તો પુરાવો માંગે! ગૂઢ વાતનો પુરાવો કેવી રીતે આપી શકાય? અંતરદર્શી મહાપુરૂષની વાત માત્ર અનુભવની જ હોય છે. જેણે થોડો પણ અનુભવ કર્યો હોય તેને શંકા થતી નથી. તે તો મનોમન માની લે છે. અનુભવ વિના દૂન્યવી માણસોને વાત ગપ્પા જેવી પણ લાગે! તેથી જ નરસિંહ મહેતાએ ભારપૂર્વક પોતાની વાત સાચી હોવાનો દાવો કરતા કહેલું:

બેસીને ગાય ત્યાં ઊભો રે સાંભળું
ઊભો ગાય ત્યાં નાચું રે
વૈષ્ણવ જનથી હું પળ નથી અળગો,
ભણે નરસૈયો સાચું રે!

પ્રભુએ પોતે પ્રગટ સ્વરૂપે નરસૈયાને આ વાત જણાવેલી



અને નરસિંહ મહેતાએ તે કાનોકાન સાંભળેલી અને પ્રભુના દર્શન કરેલા તે વાત આ પદમાં જણાવી છે. પોતે જોયેલું દશ્ય અને પોતે સાંભળેલું વચન સત્ય છે તે ભારપૂર્વક નરસિંહ મહેતા કહેવા માગે છે. આ આખીએ હકીકત અદ્‌ભુત છે. ભગવાન પોતે ભક્તની સાથે વાતો કરે છે. પોતે ભક્તવત્સલ છે તેની પ્રતીતિ પણ કરાવે છે. ભગવાન કહેવા માંગે છે કે મારો ભક્ત બેસીને ગાતો હોય તો હું ઊભો ઊભો સાંભળું છું અને ઊભો ઊભો ગાતો હોય ત્યારે હું નાચીને અદબ જાળવું છું. મારા ભક્તથી હું ક્ષણપણ જુદો રહી શકતો નથી! આ આખુંય દશ્ય નરસિંહ મહેતાના આંતરિક લોચનોએ સાક્ષાત્ જોયેલું તેથી “ભણે નરસૈંયો સાચું રે” એ પંક્તિનો મહિમા વધી જાય છે. અંતરદર્શી ભક્તોની એવી ઊંચી દશા હોય છે. તેઓ સ્થળકાળની મર્યાદાને ભેદીને અનુભવ કરી શકે છે અને તેનું વર્ણન પણ કરી શકે છે. તેથી માહાત્માજીના વચનોમાં ભારોભાર સત્ય નીતરતું હોય છે. મને તો મહાત્માજીએ કરેલી સિદ્ધપુરૂષોની વાત સાચી જ લાગી!

મારું મન પાછા વળતી વખતે આ વાત પર વિશેષ વિચારણા કરી રહ્યું હતું. ભાડૂતી ગાડીના વેગ સાથે મન તાલ મેળવતું ન હતું! તાજા બનેલા પ્રસંગને વાગોળતું હતું. તપોવનજીની કુટિયા પાસે જઇને અમે ઉભાં રહ્યાં ત્યારે મહાત્માજીએ તપોવનજીની થોડી વાત કરી. અમારી સાથે એક પંડા પણ. તેઓ મહાત્માજીના ભક્ત હતા. તેઓ ઉત્તરકાશીથી પોતાના ખર્ચે બસમાં ગાંધીજી સાથે સાંનિધ્યમાણવા આવેલા. મહાત્માજીના વચનો પૂરાં થયાં ન થયાં ત્યાં તો એક બાજુની

કુટિયામાંથી દાઢિવાળા એક બીજા જ સન્યાસી નીકળ્યા! તેનો પરિચય પંડાજી આપવા લાગ્યા– "ઉંચી કોટીના મહાત્મા છે. તપોવનજીના શિષ્ય છે. ઘણી ઊંચી દશામાં છે" … …મહાત્માજીએ વાતને તોડી પાડતાં કહ્યું કે "ખોટી વાત છે. આ બનાવટી સન્યાસી છે. લોકોને છેતરે છે. એ તો એક ફોટોગ્રાફર છે. અહીંના ફોટાઓ પાડીને શહેરમાં મોકલે છે ને પૈસા કમાય છે." પંડાજી તો સ્તબ્ધ જ થઇ ગયા! તેમણે તો તરત જ પગે લાગતાં મહાત્માજીની ક્ષમા યાચના કરવા માંડી! થોડી વાર પછી પંડાજીએ મને કહ્યું: "આ મહાપુરૂષને કોઇ છોતરી શકે નહીં. તેઓ સર્વત્ર છે. મહાત્માજીની વાત સાચી છે. આ સન્યાસી બનાવટી જ છે!" આ રીતે મારું મન વિચાર કરતું કરતું લીન બની ગયેલું. અમે ઘણા નીચે ઉતરી પડ્યા હતા તેનું ભાન પણ રહ્યું ન હતું.

ત્યાર પછી તો અમે ઊત્તરકાશી તરફ જવા લાગ્યા હતાં. વચ્ચે પાણી માટે ગાડી ઉભી રહેતી ત્યારે મહાત્માજીએ એક ખાસ સૂચના તે દિવસે આપેલી: "બધાં પોતપોતાના સાધનોમાં પીવાનું પાણી ભરેલું રાખજો!" આ સૂચન ઉત્તરકાશી આવ્યું ત્યાં સુધીમાં ત્રણ વાર આપેલી. તે દિવસે અમે ઉત્તરકાશીમાં રાતવાસો કરવા માંગતા ન હતાં. ત્યાંથી પણ વીસેક માઇલ દૂર આગળ જઇ ડાકબંગલો આવશે ત્યાં ઉતારો થશે એવી ઇચ્છા હતી. ઉત્તરકાશી આવ્યા ત્યારે હજી સૂર્યાસ્તને અડધો કલાક વાર હતી. અમે આગળ ચાલ્યા ને અંધારૂ થયું ત્યારે જંગલખાતાના એક બંગલામાં ઉતારો કર્યો હતો. બંગલો જંગલખાતાનો હતો. ડુંગર પર હતો. રાત્રે આઠ વાગે જવાની તૈયારીમાં હતા. બંગલો



સારો હતો પણ પાણીની વ્યવસ્થા ન હતી. ત્યારે જ મહાત્માજીની સૂચનાનો અમોને અર્થ સમજાયેલો! પાણીની તંગી એવી અનુભવી કે પૈસા ખરચીને પાણી મંગાવવું પડેલું! પૂજ્યશ્રીની એક વ્યવહારૂ સૂચના પણ અમે સાથે ફરનારાઓએ માની ન હતી! સાથે ફરનારા સંતને ન ઓળખી શક્યા તો અજાણ્યા માણસો તો કેવી રીતે ઓળખી શકે? અમને બધાંને તે દિવસે ખૂબ પસ્તાવો થયેલો. થોડી પેટ પૂજા કરીને આ જ વિચારમાં ને વિચારમાં અમે ઊંઘી ગયેલા!

આજે મહાત્માજી સદેહે રહ્યા નથી. છતાં તેમની દિવ્યવાણીની યાદ હૃદયમાંથી જતી નથી. યાદ તાજી જ થયા કરે છે. યાદની આ પુનિત ગંગોત્રી મને અમેરિકામાં પણ પ્રેરણા આપી રહી છે!

મનુષ્ય જીવન વીજળીના ઝબકારા જેવું, વાદળની છાયા જેવું, ઘાસના ભડકાજેવું, દર્ભની અણી પર રહેલા જલના બિંદુ જેવું, પાણીના પરપોટા જેવું, કમલપત્ર પર પડેલા ઓસના ટીપા જેવું, પાણીમાં રાખેલા કાચા ઘડા જેવું ને સંધ્યાના રંગ જેવું ક્ષણભંગુર છે એમ સમજી મુમુક્ષુએ પરમાત્માના સ્મરણધ્યાનમાં આળસ કે પ્રમાદ ન જ રાખવા જોઇએ.

**—નાથ વચનામૃત**

# પૂ. મા સર્વેશ્વરી સંગે ગંગાજીના અંકે

(તા. ૨-૪ થી તા. ૧૫-૪ સુધી) **જ્યોત્સ્નાબહેન ત્રિવેદી**

ત્રિવેણી સંગમોનું શાસ્ત્રમાં ખૂબ મહત્ત્વ છે. યોગેશ્વર પરિવારના સાધકોને પણ આ તીર્થ ત્રિવેણીનું આચમન કરવાનો શુભ અવસર તા.૨જી એપ્રિલથી ૫મે સુધી હરિદ્વારમાં સાંપડ્યો છે. જીવંત તીર્થ શ્રી શ્રી મા તથા શ્રી ગંગામા અને પ્રભુના શ્રી મુખેથી વહેતી સત્સંગ ગંગા અમૃતવાણી રૂપે અને શ્રી યોગેશ્વર કથામૃત રૂપે.

શ્રી શ્રી મા આર્યનિવાસ હરિદ્વારમાં બિરાજમાન છે. ગંગાજી મુક્ત રીતે વહે છે. મા સાધકોને પણ મુક્તિ આપે છે. જપો તપો હરો, ફરો, ઊંઘો, ખાવ પીઓ, જે કરવું હોય તે કરો, પણ તીર્થ સ્થાનનો લાભ લો. યોગેશ્વર પરિવારના સાધકો પણ માની રમૂજ સમજે છે, ને માણે છે. તીર્થ સ્થાનમાં પ્રભુ ભજનનો લાભ લઇ જ લે છે. એમ કહો કે લૂંટી લે છે, તોય ખોટું નથી. દિનચર્યાની સહુની શરૂઆત પવિત્ર ગંગાજીના સ્નાનથી થાય છે. પછી પ્રણામ પૂજા, નિત્ય પ્રાર્થના, સમૂહ પ્રાર્થના સહુને આકર્ષે છે. હરિદ્વારમાં આવેલા અને આર્યનિવાસમાં રહેલા અન્ય યાત્રીઓ પણ એમાં જોડાય છે ને ન જોડાઇ શકે તેઓ ખૂબ સન્માનની નજરે જુએ છે. પૂ.શ્રી મા તન મન શુદ્ધ કરાવી ૧૧.૩૦ વાગે સત્સંગ સુધાનો લાભ આપે છે. પાવન કારી દર્શન સહુને ખૂબ આનંદિત કરે છે. ''સર્વેશ્વરી હૃદયામૃત'' જેમાં શ્રી શ્રી માની અંતરયાત્રામાં જાણે સહભાગી થવાનું સદ્ભાગ્ય શ્રોતા ભક્તોને મળે છે. યોગેશ્વર કથામૃતનું શ્રી પંડિતજીના પઠન દ્વારા શ્રવણ ભક્તિનો ઉત્તમ આનંદ પ્રાપ્ત થાય.



રાત્રે ૮.૩૦ વાગે બીજી સત્સંગની બેઠકનું આયોજન હોય છે. વચ્ચેના સમયમાં સહુ પોત પોતાની વ્યક્તિગત સાધના શ્રી ગંગાજીના ઘાટ ઉપર અથવા શ્રી રંગઅવધૂતજીના ખંડમાં કરે છે. કોઇ લીલામૃતનું પારાયણ કરે છે, તો કોઇ જપમાં ડૂબે છે, તો વળી બીજા કેટલાક જેમાં જેની શ્રદ્ધા લાગી હોય, તેવા પોતાના ઇષ્ટ દેવની પૂજામાં પ્રવૃત્ત થાય છે. અહીના રોકાણ દરમ્યાન ચૈત્રી નવરાત્રી અને રામ નવમીના અને હનુમાન જયંતિના પર્વ પણ શ્રી શ્રી મા ની ઉપસ્થિતિમાં આવે છે, તેથી સહુ ભક્તોનો ભાવ જાણે શ્રી શ્રી મા તરફ છલકાઇ જાય છે. તો બીજી તરફથી શ્રી મા પણ પોતાના જપ યજ્ઞને લઇને બેઠાં જ છે. ગંગાજીનો પવિત્ર તટ છે. ભારતનાં અન્ય ભાગો કરતાં અહીં ઠંડી છે તેથી ઉનાળામાં પણ ભર બપોરે ૧ થી ૨ વાગે સત્સંગ પૂર્ણ થાય પછી તુરંતમાં પોતાના જપ યજ્ઞનો આરંભ સહુ કરી જ દે છે. ખરેખર જોઇએ તો ભર બપોરે આકરા તાપમાં ખૂબ કંટાળો આવે પણ શ્રી શ્રી મા આપણને સહુને સમયનું મૂલ્ય શીખવે છે, ''નિરંતર નામ જપાવજે નાથ, કૃષ્ણા તારી પાસે માગું એટલું રે'', એ પ્રમાણે પૂ.મા નિરંતર જપ કરતાં, છેક મોડી રાત સુધી જપ અને જપમાં જ — સત્સંગની બેઠકો સિવાય જાગ્રત જ રહેતાં દેખાય છે. આ જોતાં એવું લાગે કે કેવળ જપ યજ્ઞમાં ડૂબેલાં રહેવા માટે જ પૂ.મા હરિદ્વાર પધાર્યાં ના હોય!

રાત્રી બેઠકમાં ભાવનગરમાં પૂ.શ્રીએ આપેલ પ્રવચનોની અમૃતવાણીનું રસપાન કરાવે છે. પ્રકાશના પંથેનું વાંચન કરાવે છે. યોગેશ્વર કથામૃતનું ઉત્તમ અમૃત પીરસે છે. હરિદ્વારના શ્રી મુનીન્દ્રજીનો પરિવાર અને અન્ય હિંદી ભાષી પરિવારોને લક્ષમાં લઇ શ્રી શ્રી મા હિંદીમાં તેનો સારપણ કહેવડાવે છે તેથી

તે સહુ સાધકો પણ સત્સંગ માણી શકે છે.

આ વખતે ૧૦મા ૧૨માની પરીક્ષા આપી ઘણા વિદ્યાર્થીઓ પણ આવ્યા છે. તેથી શ્રી મા દીપકભાઇની રાહદારી નીચે બધા આવા બાળકોને ભિન્ન ભિન્ન યાત્રા સ્થળે મોકલે છે. ચંડીદેવી, નેશનલ પાર્ક, મનસાદેવી, ઋષિકેશ, દેવપ્રયાય હરકી પેડી અને બજાર. દીપકભાઇ પણ બાળકોની પાસે પૂ. મા પ્રભુના પ્રસંગો કહેવડાવી તેમની શ્રદ્ધા ભક્તિને દૃઢ કરે છે. તો શ્રી શ્રી મા પણ બાળકો પાસે તેમણે માણેલી મોજ તથા માનો માણેલો પ્રેમ તેની વાતો સહુને પીરસાવે છે.

મસૂરી સરસ્વતી શિશુમંદીરમાં ૯મા ધોરણના વર્ગનું ઉદ્‌ઘાટન કરવાનું છે ત્યાંનું ટ્રસ્ટી મંડળ પ્રીન્સીપાલ અને અન્યકાર્ય કરો શ્રી શ્રી માને આમંત્રણ આપવા આવે છે. મસૂરી યાત્રાનું આયોજન થાય છે. બે બસ ભરેલા સાધકો સહુ મસૂરી જાય છે. શ્રી શ્રી મા આવતાં નથી, કિન્તુ શ્રી શાંતિભાઇ કનેરીયા શ્રી વિનોદભાઇ પટેલ (ન્યુજર્સી) સ્ટેજ પર વિરાજી સંસ્થાની કાર્ય પદ્ધતિની ખૂબ પ્રશંસા કરે છે. તો શ્રી શ્રી મા પોતાના લેખિત સંદેશો મારા દ્વારા વંચાવી આ કાર્યને ખૂબ ખૂબ આશીષ આપી શ્રી રતનલાલજીને આદરાંજલિ આપે છે.

આ કાર્યક્રમ નિમિત્તે શાળાના બાળકો સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરે છે તેમાં રાષ્ટ્રભક્તિનાં ગીતો, નાટક, નૃત્યો ખૂબ સરસ રજૂ કરે છે. સહુ પ્રસન્ન થઇ જાય છે. તેની પાછળ બાળકો અને શિક્ષકોનો પરિશ્રમ દેખાઇ આવે છે.

આ પ્રસંગે જુદા જુદા સાધકો દાન વહેવડાવે છે તો શ્રી સરોજ બ્હેન વિનોદભાઇ તરફથી બાળકોને કંપાસ, ચોકલેટ અને અન્ય પ્રસાદ પણ આપવામાં આવે છે. બાળકો જેણે



કાર્યક્રમમાં ભાગ લીધો હતો તેમને લક્ષ્મીની પ્રસાદી પણ યોગેશ્વર પરિવારના હાજર સાધકો તરફથી પ્રાપ્ત થાય છે. વળતાં શ્રી રામકૃષ્ણ મઠ દહેરાદૂન અને શ્રી આનંદમયી માના આશ્રમની યાત્રા થાય છે, તો આપણા પૂ. પ્રભુની તપથી પાવન થયેલી દેવકાબાઇની ધર્મ શાળાની પણ યાત્રા થાય છે. આમ સહુ સાધકો ખૂબ આનંદ પ્રાપ્ત કરે છે. તો બ્હેન શ્રી રક્ષિતાના શબ્દોમાં કહીએ તો સહુ જાણે પોતાના શાળા જીવનનો એક દિવસ આજે માણી લે છે.

ચૈત્ર સુદ એકાદશીને દિવસે શ્રી શ્રી મા શ્રી પંડિતજી અને સ્નેહલ શાસ્ત્રી દ્વારા ગંગા પૂજનનું આયોજન કરાવે છે. બંને પુરોહિતો એટલું ભાવપૂર્ણ પૂજન કરાવે છે કે બંન્ને મા – તેને પ્રત્યક્ષ રીતે ઝીલ છે. શ્રી ગંગામા પવિત્રતા અને શીતળતાથી તો આપણાં સર્વેશ્વરી મા વહાલ વર્ષાવતાં અમી દૃષ્ટિ યુક્ત કૃપા વર્ષાથી સહુને પાવન અને પ્રસન્ન કરી દે છે. સહુને આશીષ આપી ભરી દે છે. તેથી સહુ સાધકો ધન્ય થયાનો આનંદ માણે છે.

આ પૂજન બે તબક્કમાં થાય છે. પહેલીવારમાં સહુ વડીલ ભક્તજનોને આ પૂજનનો લાભ પ્રાપ્ત થાય છે તેમાં યુવાન સાધકો સહુ વડીલોને પૂજન સામગ્રીની તૈયારીમાં અને ચાલુ પૂજને મદદરૂપ થાય છે. તો યુવાન સાધકોને ૧૩ મી એ આ ગંગા પૂજનનો લાભ મળે છે તેમાં વડીલો સહુ મદદરૂપ થાય છે. એ દૃશ્ય ખૂબ આનંદ આપનાર બની રહે છે. ઘરે તો માત્ર લોટામાં જ કે ઘડામાં ગંગા જળ હોય પણ અહીં તો સ્વયં વહેતા ગંગામા અને પૂજન સ્વીકારતાં સર્વેશ્વરીમા બંન્ને પ્રત્યક્ષ છે.

અહીં બે જન્મદિનો પણ ઉજવાય છે. પંડિતજીનાં પૂ. માતુ

શ્રી ભગવતીબાનો અને સ્વર્ગારોહણથી આવેલ શ્રીરંજનબ્હેન દેસાઇનો. સહુ સાધકો બંન્ને જણ માટે ખૂબ સરસ ભાવ વ્યક્ત કરે છે. તો બંન્ને ઉત્સવ માટે સાધકોને પ્રસાદ પણ પ્રાપ્ત થાય છે. તો તે બંન્ને જણને જન્મદિન નિમિત્તે શ્રી શ્રી મા પણ કૃપા પ્રસાદ આપે છે.

શ્રી સરોજબ્હેન કાકા પણ ભક્તોને ચિ. વૈભવની જનોઇ નિમિત્તે શીરાનો પ્રસાદ જમાડે છે.

આ સત્સંગમાંથી ખૂબ સરસ મોતી પણ પ્રાપ્ત થાય છે. વાતો કરતાં કરતાં માળા ન કરો. નહીંતર કાગળ લખી સરનામું કરતાં To ના સ્થાને From નું નામ લખાઇ જાય તો કેવો ફરક પડી જાય. તમારો લખેલ કાગળ તમને જ પાછો મળે.

કોઇપણ પ્રણામનું ગાન કરતાં હોવ ત્યારે તાળી ન પાડો. આર્તભાવે પ્રણામ કરો, ક્ષમા માંગો.

પૂ. શ્રીમા માટે પૂ. શ્રીએ રચેલી પાંચ શ્લોકની સ્તુતિ તેનું ફળ ચંડીપાઠ જેટલું જ છે તેવું પૂ. શ્રીનું વચન છે.

પૂ. શ્રી કહે છે જપ, સ્તોત્ર પાઠ એ સહુ તો રમકડાં છે. પ્રભુને પામવા માટે આર્તહૃદયે પોકાર કરો તો તેને તાર જોડવા જ પડશે.

પૂ. શ્રીમાને ગંગા કિનારે બીજે જ દિવસે પ્રાપ્ત થયેલ પ્રસાદી

''ગંગા તારા બિંદુ અનંત દોષ અમારા વહાવો અખંડ.''

આવી અદ્‌ભુત મોજ માણતાં ગંગા કિનારાના સત્સંગને પીતાં પીતાં આ દિવસો સપનાની જેમ પૂરા થયા. શ્રી શ્રી માની કૃપાનો અખંડ વરસાદ સહુ પર વરસતો જ રહ્યો. તો બીજી બાજુ શ્રી શ્રી મા સહુને જગાડતાં જ રહ્યાં. જપો, તપો, સંસારમાંથી બહાર નીકળ્યાં છો તો તેનો સંપૂર્ણ પણે લાભ લો.



સહુને ૨૫ વર્ષમાં કેટલી બધી વાર ગંગાજી આવવા મળ્યું તે માટે ગંગાજીનો ને પ્રભુનો આભાર માનો.

હે મા! આવા દિવ્ય સત્સંગનો લાભ ધરતાં રહેજો. વારે વારે ગંગાજી લાવતાં રહેજો.

**ભાવપૂર્ણ ભક્તની મુલાકાત**

મસૂરીમાં છ સાત વર્ષ પહેલાં આપણી શાળાના એક ટ્રસ્ટી ભાઇને પૂ. શ્રી માએ સહુની સાથે પ્રસાદીમાં એક માળા આપેલી તે વાતને સાત વર્ષ વીતી ગયાં છે. તે ભાઇએ તે માળા આજ સુધી પોતાના કંઠમાં ધારણ કરી રાખી છે. પૂ. શ્રીમા કહે છે કે અમે આપેલી માળાનું ભાગ્યે જ આવું સાધકો સન્માન કરતા હોય છે. તો એમનાં પત્ની ખાસ પૂ. શ્રી મા પાસે માળા લેવા પધારે છે. જેઓ મસૂરીની શાળામાં અંગ્રેજી, ફ્રેંચ અને ઇટાલીયન ભાષા શીખવે છે. તેમને પૂ. શ્રીમા ભાવપૂર્વક માળા આપે છે. તે બેનને ખૂબ આનંદ થઇ જાય છે.

અહીં કાર્યક્રમના પ્રવક્તા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ૐ યોગેશ્વરાય નમઃ અને ૐ મા સર્વેશ્વર્યૈ નમઃના મંત્ર ગાનથી જ કરે છે. એ આપણને સ્વર્ગારોહણની યાદ કરાવી જાય છે.

આ શાળાના એક ટ્રસ્ટી ઘણા શ્રીમંત છે. તેઓ પોતાના સંતાનોને બીજી ઊંચી ફી વાળી શાળાઓમાં ભણાવી શકે તેમ છે. તેમ છતાં અહીંના સંસ્કારયુક્ત વાતાવરણને લીધે, પોતાનાં સંતાનોને આ શાળામાં જ ભણાવ્યાં છે ને ભણાવે છે. તેમા તેઓનો આ શાળા પ્રત્યેનો આદર વ્યક્ત થાય છે.

# કોઈપણ 'કર્મનો હું કર્તા નથી'—એ ભાવથી મુક્ત થવાય

**સ્વામી ચિદાનંદ સરસ્વતી**

કેવળ "હું કર્તા નથી"—એટલો જ દઢ નિશ્ચય થઈ જવાથી મુક્તિ મળી જાય છે. પણ મનુષ્ય એટલો બધો અવિશ્વાસુ બની ગયો છે કે તેને વેદમાં, શાસ્ત્રમાં, સાધુ—સંતોમાં, આપ્તવચનમાં કે પોતાની જાતમાં પણ વિશ્વાસ નથી રહ્યો. તે તો બસ, શરીરને સુખ પહોંચાડવા માટે અને ભોગપદાર્થો મેળવવા માટે પાગલ બનીને દોડી રહ્યો છે. ગમે તેટલી દોડધામ કરવા છતાં પણ પ્રારબ્ધમાં જે લખ્યું છે તેનાથી વધારે તેને કંઈ મળવાનું નથી એ વાત આ આંધળી દોટમાં તે ભૂલી જાય છે.

આ પ્રમાણે પોતાના જ અવિશ્વાસ (કે અશ્રદ્ધા)ને કારણે, સમજતો હોવા છતાં, તે નિશ્ચય નથી કરી શકતો અને તેથી પોતાને 'કર્તા' માનીને, પરાધીન બની જઈ, ભવચક્રના ભ્રમણમાં ભટક્યા કરે છે.

આવા અવિશ્વાસી માનવને ચેતવણી આપતાં શ્રીઅષ્ટાવક્રજી પણ કહે છેઃ—

**अहं कर्त्येत्यहं मान महाकृष्णाहिदंशितः ।**
**नाहं कर्तेति विश्वासामृतं पीत्वा सुखी भव ॥**

તાત્પર્ય એમ છે કે 'હું કર્તા છું'—એવા અભિમાનરૂપી અત્યંત ઝેરીલા કાળ સર્પના દંશથી તથા તેનું ઝેર ચડવાથી મનુષ્ય પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે. એ માટે હે માનવ! તું 'હું કર્તા નથી'—આ વિશ્વાસપૂર્ણ નિશ્ચયરૂપી અમૃતનું સેવન કર, જેથી તું પોતાના સ્વરૂપને જાણી શકીશ અને શાશ્વત સુખની પ્રાપ્તિ તને થશે.



અષ્ટાવક્રજીનું કથન છે કે "હું કર્તા છું" એ કેવળ અભિમાન છે અને "હું કર્તા નથી"—એ વાસ્તવિક સત્ય છે. એમના વચનમાં શ્રદ્ધા અને વિશ્વાસ જાગૃત થાય તે હેતુ માટે એ સમજી લેવું ઘટે કે 'કર્મ'નો કર્તા કોણ છે.

આ સંબંધે 'સદાચારસ્તોત્ર'નો એક પ્રસિદ્ધ શ્લોક યાદ આવે છે.

**गृहस्थो गुणमध्यस्थः शरीरं गुणमुच्यते ।**
**गुणाः कुर्वन्ति कर्माणि नाहं कर्तेति बुद्धिमान् ॥**

શરીર પ્રકૃતિના ત્રણ ગુણનું કાર્ય છે. જે પુરુષ શરીરમાં 'હું છું' એવી બુદ્ધિ ધારણ કરે છે, શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે, તેને ગૃહસ્થ કહે છે. સમસ્ત કર્મ શરીરદ્વારા જ સંપન્ન થાય છે, એવું સમજી, કોઈ પણ (વિવેક) બુદ્ધિવાળો માણસ પોતાને 'કર્તા' માનતો નથી.

આ જ ભાવ ભગવદ્‌ગીતામાં આ પ્રમાણે વ્યક્ત થયો છે.

**प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।**
**यः पश्यति तथाऽऽत्मानमकर्तारं स पश्यति ॥**

**(અ. ૧૩, શ્લોક ૨૯)**

"આ શરીર પ્રકૃતિનું કે તેના ગુણોનું કાર્ય છે, કેવળ શરીરથી સર્વકાર્ય સંપન્ન થાય છે," આ પ્રમાણે જે જુએ છે (સમજે છે), અનુભવ કરે છે, તે પોતાને (કર્મનો) 'કર્તા' માનતો નથી, તેથી જે કર્તા હોતો નથી તેને કર્મના ફળનું બંધન પણ ન થાય. આટલી જ વાત સમજવાની છે. [ઉપરના બંને પ્રસંગોમાં 'શરીર'શબ્દથી સ્થૂળ અને સૂક્ષ્મ બંનેને સાથોસાથ

સમજવા જોઇએ કારણ કે આમાંથી કોઇ એક એકલું, કર્મ કરવા માટે સમર્થ નથી હોતું.]

આ બાબત આગળ વિચાર કરીએ. જગત તરફ દૃષ્ટિ કરીએ તો આ જગતમાં બે જ પદાર્થો છે,—એક ચેતન પદાર્થ અને બીજા અચેતન અથવા જડ પદાર્થ. ચેતન પદાર્થમાં ક્રિયા-શક્તિ અને જ્ઞાનશક્તિ એમ બંને શક્તિ હોય છે. જડ પદાર્થમાં આ બે શક્તિ હોતી નથી. હવે જો ચેતન પદાર્થના પણ બે વિભાગ કરીએ તો મનુષ્ય અને મનુષ્યથી ભિન્ન બીજા પ્રાણી અર્થાત્ મનુષ્યેતર બીજા પ્રાણી—આવા બે વિભાગ થઇ શકે છે.

મનુષ્યેતર પ્રાણીમાં કેવળ ક્રિયાશક્તિ જ હોય છે, જ્ઞાન-શક્તિ બહુ જ અલ્પ પ્રમાણમાં હોય છે.

મનુષ્યમાં તો ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ એ બંને શક્તિ હોય છે. અર્થાત્ જે ક્રિયા કરે છે, તે ક્રિયા 'હું કરું છું' એ પ્રકારના જ્ઞાનની સાથે જ થતી હોય છે. આવા જ્ઞાનથી કર્તા-પણાનો 'અહંકાર' પ્રગટે છે અને તે જ જન્મ—મરણનું બીજ છે. ઈશ્વરે મનુષ્યને બુદ્ધિ આપી છે તેનો ઠીક ઠીક ઉપયોગ આ રીતે કરવાનો છે, (જેમ કે ભગવાને કહ્યું છે કે) "**योगः कर्मसु कौशलम्**"—આ મંત્રને સિદ્ધ કરી લે. કહેવાનું તાત્પર્ય એ છે કે કર્મ કરવામાં સાચી કુશળતા એ છે કે કર્મ કરવા છતાં 'હું કર્તા છું' તેવો અહંકાર (કે કર્તૃત્વ અભિમાન) પ્રગટ થવા દેવું નહીં. તેનું નામ કર્મયોગ છે, જેમાં નિષ્કામભાવથી સાહજિક રીતે—સ્વભાવતઃ—કર્મ થયા કરે છે.[1]

૧. સંન્યાસગીતામાં કર્મનું રહસ્ય આ પ્રકારે સમજાવેલ છે. સર્વ પ્રથમ તો ત્યાં કહેલ છે કે કર્મનું રહસ્ય એટલું ગૂઢ છે કે તેનું સમસ્ત સ્વરૂપ સમજવું કે સમજાવવું માનવબુદ્ધિથી પર છે.

સામાન્ય રીતે સમજવા માટે કર્મના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે.



તેથી હવે એ જોવાનું છે કે મનુષ્યમાં 'કર્તૃત્વ અહંકાર' કઇ રીતે અને શા માટે પ્રગટે છે.

જેવી રીતે જગતને આપણે જડ અને ચેતન એમ બે વિભાગમાં વહેંચ્યું તેમ મનુષ્યમાં પણ જડ અને ચેતન એમ બે તત્ત્વો છે એવું જોવા મળે છે. મનુષ્યમાં જે જ્ઞાન અને ક્રિયા-શક્તિ છે, તે કેવળ ચેતનતત્ત્વ છે. અને પ્રાણ નીકળી ગયા પછી જે જડશરીર પડ્યું રહે છે તે જડતત્ત્વ છે. સારાંશ એ છે કે મનુષ્ય બે પદાર્થતત્ત્વનો બનેલો છે. એક છે આત્મા અને બીજું છે શરીર. આત્મા ચેતન પદાર્થ છે અને શરીર જડ પદાર્થ છે.

આત્મા ચેતન પદાર્થ તો છે, પરંતુ સત્તામાત્ર (સ્વરૂપ) હોવાથી પોતે કંઇ પણ ક્રિયા કરવાને માટે સ્વભાવતઃ સમર્થ

(૧) સહજકર્મ—સમષ્ટિસત્તાથી સંચાલિતકર્મ—જે સહજ સ્વભાવથી કે પ્રકૃતિથી પ્રેરિત થવાથી થયા કરતાં હોય છે. અહીં જીવન—સામગ્રીમાં કેવળ પ્રારબ્ધના ભોગ(—નો સમાવેશ) હોય છે. અર્થાત્ તેમાં કર્તૃત્વ અભિમાન કે ફલાશા હોતી નથી. તેથી તે બંધનકારક હોતાં નથી. ૮૪ લાખ યોનિમાં ૮૩ લાખ ૯૯ હજાર ૯૯૯ નવસો નવાણું યોનિ તો સહજકર્મની અધિકારિણી છે. (૨) જૈવકર્મ—જીવભાવથી થતાં કર્મો, તેમાં દેહાધ્યાસ હોય છે. તેથી તેમાં કર્તાપણાનું અભિમાન પણ હોય છે અને ફલાશા પણ હોય છે. 'હું શરીર છું'—આ પ્રકારના અભિમાનપૂર્વક શરીરને સુખ પહોંચાડવા માટે જે કર્મ થાય છે તે બધાં 'જૈવકર્મ' કહેવાય છે. આ પ્રકારના કર્મ જીવને બંધનનું કારણ બને છે. અને તેને કારણે જ મનુષ્યને જન્મ—જન્માંતરના ભોગ ભોગવવા પડે છે. (૩) ઐષકર્મ—ઈશ્વર ઇચ્છા યા વિરાટ્ કેન્દ્રથી પ્રેરિત કર્મ. જીવન્મુક્ત પુરુષના દ્વારા થતાં કર્મ આ કોટિમાં આવે છે. જીવન્મુક્ત પુરુષનાં શરીરને ટકાવી રાખવા, પ્રારબ્ધભોગો સિવાય બીજી કોઇ સામગ્રી હોતી નથી. તેથી જીવન્મુક્ત પુરુષ કર્મ કરવા છતાં અકર્તા છે અને ભોક્તા હોવા છતાં અભોક્તા છે. તેથી આવા પ્રકારના કર્મ પણ બંધનકારક હોતાં નથી.

નથી. તેથી તે નિષ્ક્રિય અને શાંત કહેવાય છે. અર્થાત્ તેનાથી સ્વતઃ કોઇ ક્રિયા થઇ શકતી નથી.

આપણે જોઇ લીધું કે શરીર તો 'જડ' છે, તેથી તેનાથી કોઇ ક્રિયા થઇ શકે નહીં. અને આત્મા સત્તામાત્ર હોવાને કારણે સ્વતઃ કોઇ ક્રિયા કરવાને સમર્થ નથી. આ દશામાં 'કર્મનો કર્તા કોણ છે?'—આ પ્રશ્ન જટિલ બની જાય છે.

તે માટે પહેલાં તો 'સત્તામાત્ર'શબ્દનો અર્થ સમજવો જોઇએ અને ત્યાર પછી શરીરની રચના સમજવી જોઇએ. આ બંને બાબત બરાબર સમજ્યા પછી આપણા પ્રશ્નનો ઉત્તર સરળતાથી મેળવી શકાશે.

'વિજળી'ના દૃષ્ટાંતદ્વારા આપણે 'સત્તામાત્ર'શબ્દનો અર્થ સમજીશું.

વીજળી સ્વયં એક શક્તિ હોવાને કારણે કેવળ સત્તામાત્ર છે, કારણ તે સ્વયં કંઇ કરી શકતી નથી. વીજ—વાહક તારમાં વીજળી સર્વત્ર વ્યાપક રહેતી હોય છે પણ તેમાં તેનું કોઇ કાર્ય દેખાતું નથી. તે જ વીજળીનો તાર જ્યારે એક બત્તીમાં (ગ્લોબ-માં) લગાડવામાં આવે છે, ત્યારે તે પ્રકાશ આપે છે.અને તે જ તાર પંખામાં લગાડવાથી તે પંખાને ચલાવે છે. તે જ પ્રમાણે કોઇ શારડીમાં (**છેદની**માં) લગાડવાથી તે છેદવાનું કામ કરે છે અને હથોડામાં લગાડવાથી ટીપવાનું કામ કરે છે. એ જ વિદ્યુત-શક્તિથી 'અણુબોંબ' જેવાં સંહારક અસ્ત્ર પણ તથા મનુષ્યને માટે સુખના સાધન પણ બને છે. વીજળીમાં કોઇ રાગદ્વેષ નથી. તેને જ્યાં રાખો ત્યાં પોતાની 'સત્તા'—શક્તિ પ્રદાન કરે છે. આ છે 'સત્તામાત્ર'નું કાર્ય.



હવે જોવાનું એ છે કે સત્તા કામ કેવી રીતે કરે છે. આ સમ-જવા માટે એક બલ્બનું ઉદાહરણ લઇએ. બલ્બમાં સૌથી બહાર એક કાચનો ગોળો હોય છે. તેની અંદર ચક્કર જેવું (ફિલા-મેન્ટ) હોય છે અને તે એવી રીતે બનાવેલ હોય છે કે વીજળી-ના પ્રવાહને પોતાનામાં ઝીલી શકે, ગ્રહણ કરી શકે. આ ચકરડું વિદ્યુત પ્રવાહને ગ્રહણ કરીને સ્વયં પ્રકાશમાન થાય છે અને પછી એ પ્રકાશ ઉપરના કાચના ગોળામાં ફેલાઇ જાય છે. પછી ગોળામાંથી પ્રકાશ બહાર જઇને વસ્તુઓને પ્રકાશીત કરે છે. જો કે બહારનો ગોળો કોઇ પ્રકાશને ગ્રહણ કરતો નથી, પરંતુ અંદર-ના ચકરડાની રક્ષા માટે તેની અનિવાર્ય આવશ્યકતા છે. તેની વિના અંદરનું ચકરડું એકલું કંઇ પણ કાર્ય આપી શકતું નથી.

હવે શરીરની રચના જુઓ. પ્રાણ નીકળી ગયા પછી જેને આપણે અગ્નિદાહ આપીએ છીએ, કે દફનાવીએ છીએ તેને 'સ્થૂળશરીર' કહે છે અને તે પત્થર કે લાકડાની માફક જડ છે. તે પંચમહાભૂતનાં સ્થૂળ તામસ અંશોમાંથી બનેલું છે. આ સ્થૂળ શરીરની અંદર એક સૂક્ષ્મશરીર હોય છે અને તે સોળ તત્ત્વોનું (પદાર્થોનું) બનેલું હોવાથી સોળ કળાયુક્ત કહેવાય છે. તે સોળ તત્ત્વો (પદાર્થો) છે—પાંચ પ્રાણ, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને સોળમું અંતઃકરણ. અહીં એક વાત સમજી લેવી જોઇએ કે ઇંદ્રિયો અને તેનાં ગોલકો અર્થાત્ એને રહેવાનાં સ્થાન—એ બે ભિન્ન ભિન્ન વસ્તુઓ છે. આ (બાબત) બહુ થોડા લોકોની સમજમાં આવે છે. અધિકાંશ લોકો તો હાથ અને આંખરૂપ અવયવોને જ ઇંદ્રિય માની લે છે, પણ વસ્તુતઃ વાત એમ નથી. આંખના અવયવો તો જેમના તેમ હોય છે, પરંતુ તેમાંથી જો

જોવાની શક્તિ ધરાવનાર ઇંદ્રિય ચાલી જાય તો મનુષ્ય કાંઇ પણ જોઇ શકતો નથી. તે જ રીતે જ્યારે હાથ ખોટો પડી જાય છે, ત્યારે હાથરૂપ અવયવ તો જેવો હતો તેવો જ રહેતો હોય છે. પરંતુ તેમાંથી ઇંદ્રિયો ચાલી જવાને કારણે હાથ કામ નથી કરતો. તેથી દશેય ઇંદ્રિયો તો શક્તિ છે અને તેને રહેવાનું સ્થાન સ્થૂળ શરીરમાં છે તથા એનો નાશ સ્થૂળ શરીરની સાથે જ થઇ જાય છે અને ઇંદ્રિયો સૂક્ષ્મ શરીરની સાથે ચાલી જાય છે.

**(ક્રમશઃ)**

મંગલમયયાત્રા અમંગલમય જણાય ત્યારે સૃષ્ટિને નહિ, દૃષ્ટિને બદલવાની જરૂર છે, જે સૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે ભૌતિકવાદી અને જે દૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે અધ્યાત્મી. **— ભાણદેવજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ** તેમ જ **દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# એક તપસ્વી સાધુ

**ભાણદેવજી**

હિમાલય ચાર ધામની યાત્રા દરમ્યાન અમે ગંગૌત્રી પહોચ્યા હતા. ગંગાજીના સામેના કિનારા પર દંડીબાબાનો આશ્રમ છે. અમારો ઉતારો આ દંડીબાબા આશ્રમમાં છે. બે ત્રણ દિવસ અહીં ગંગૌત્રીમાં રહીને ગોમુખ જવાની અમારી ઇચ્છા છે. ગંગોત્રીમાં અનેક દર્શનીય સ્થાનો છે, અને ભજનાનંદી સાધુઓ પણ ઘણા છે. અમે સાધુઓ સાથે સત્સંગ અને તીર્થોનાં દર્શન કરવામાં સમયનો સદુપયોગ કરીએ છીએ.

એકવાર આશ્રમના પ્રાંગણમાં, તડકામાં બેસીને અમે બપોરનું ભોજન લઇ રહ્યા હતા. અચાનક જ આશ્રમના દ્વારમાંથી એક સંન્યાસી પ્રવેશ્યા. ગેરુઆં વસ્ત્રો કિંચિત શ્યામવર્ણ, કાળા વિખરાયેલાં વાળ, અંતર્મુખી આંખો જોઇને મન પ્રસન્ન થઇ ગયું. પગ ઉઘાડા છે, અને હાથમાં ખપ્પર છે. દંડીબાબા એક ઓટલા પર બેઠા બેઠા તડકાનું સેવન કરી રહ્યા છે, અને બીજા એક સાધુ અમને પીરસી રહ્યા છે. નવાગંતુક સંન્યાસી મહારાજે દંડીબાબા સામે જોઇને 'નમો નારાયણ' કહ્યું, 'નારાયણ, નારાયણ' કહેતાં દંડીબાબા ઊભા થયા, અને 'આઇયે સંત ભગવન્', કહીને સંન્યાસી મહારાજનું સ્વાગત કર્યું. ભોજનનો સમય છે, અને હાથમાં ખપ્પર (ભિક્ષાપાત્ર ) છે, તેના પરથી એમને લાગ્યું કે સ્વામિજી ભિક્ષા લેવા માટે પધાર્યા હશે. આમારી ધારણા સાચી પડી. દંડીબાબા તેમને ભિક્ષા આપવા માટે જ ઊભા થયા હતા. દંડીબાબાજીએ તેમના એકજ પાત્ર—ખપ્પરમાં રોટલી, દાળ, ભાત, શાક બધું પીરસ્યું. અમને

થયું સંન્યાસી મહારાજ અહીં અમારી પાસે જ બેસીને ભોજન કરશે, પરંતુ અમારી આ ધારણા સાચી ન પડી. સંન્યાસી મહારાજ તો ભિક્ષા સાથેનું પોતાનુ ખપ્પર લઇને ચાલતા જ થયા.

અમને થયું—આ સંન્યાસી મહારાજનો પરિચય પણ ન થયો. અને તેમની સાથે સત્સંગ પણ ન થયો. સાધુ સંગ અને સાધુઓ સાથે સત્સંગનો મને પહેલેથી બહુ ભાવ છે. આ મારો આંતરિક રસ છે. તીર્થધામ ગંગોત્રીમાં એક સારા સાધુના સંગથી વંચિત રહેવું પણ ગમ્યું તો નહિ પણ થાય શું? અમે ભોજન કરી રહ્યા છીએ, અને ભોજન કરતાં કરતાં પંગતમાંથી ઊભા થવાય જ નહિ, અને આ સંન્યાસી મહારાજ તો ભિક્ષા લઇને તુરત ચાલ્યા ગયા. હરિ ઈચ્છા માનીને હું શાંત રહ્યો.

સંન્યાસી મહારાજને વળાવવા દંડી બાબા દરવાજા ગયા, અને વિદાય આપતાં બોલ્યા, ‘‘મહારાજ, ગંગોત્રીમાં રહો ત્યાં સુધી ભિક્ષા માટે નિત્ય અહીં પધારજો. સંકોચ ન કરશો. આ આપનો જ આશ્રમ છે.’’

દંડીબાબાના આ સ્નેહયુક્ત નિમંત્રણના પ્રત્યુત્તરમાં સંન્યાસી મહારાજ આટલું જ બોલ્યા.

‘‘હરિ ઓમ્’’

અમે આ બંને સાધુઓનો આટલો સંવાદ સાંભળ્યો. દંડીબાબા પાછા ફર્યા, અને ફરીથી ઓટલા પરના પોતાના આસન પર બિરાજમાન થયા. મેં ભિક્ષા લઇને ગયેલા તે સંન્યાસી મહારાજ વિશે કાંઇ જાણવા માટે મારી જિજ્ઞાસા દંડી બાબા સમક્ષ વ્યક્ત કરી. દંડીબાબાએ બહુ આદરપૂર્વક તે સંન્યાસી મહારાજ વિશે મને કહ્યું,



‘‘અરે! એ તો એક વિરલ સાધુ છે. મૂળ તો બંગાળ તરફના છે. બંગાળથી અહીં સુધી ગંગા કિનારે ચાલતા અહીં આવ્યા છે. જોયુંને, પગમાં બૂટ– ચંપલ પણ પહેર્યા નથી.’’ ગઇકાલે જ ગોમુખની યાત્રા કરીને આવ્યા, ખુલ્લા પગે જ. સંસ્કૃતજ્ઞ છે. વિદ્વાન છે. પ્રસ્થાનત્રયી અને શ્રીમદ્ ભાગવત તો ઘોળીને પી ગયા છે. પણ તેથીયે વિશેષ તો તેઓ નખશિખ એક અધ્યાત્મ પુરુષ છે, નિષ્ઠાવાન સાધક છે. આખો દિવસ અને લગભગ આખી રાત આત્મચિંતનમાં લીન રહે છે. અહીં નજીકમાં જ ગંગા કિનારે એક જેવી તેવી ગુફા છે, તેમાં ઘાસની પથારીમાં સૂઈ રહે છે. દિવસમાં એકવાર અહીં આવીને ભિક્ષા લઈ જાય છે. અહીંથી ગંગાકિનારે જશે, અને ત્યાં બેસીને ભોજન કરશે. અહી બેસીને ભોજન ગ્રહણ કરતા નથી. લોકોથી યથા શક્ય દૂર રહે છે.

મેં વિશેષ જિજ્ઞાસા કરી ‘‘અમે તે સ્વામીજીને મળી શકીએ?’’

દંડીબાબાએ કહ્યું, ‘‘હા, હા મળી શકો. એકાંત પ્રિય, અંતર્મુખી અને સાધન પરાયણ છે, તેથી લોકો સાથે હળવામળવાનું ટાળે છે, પરંતુ તમારા જેવા કોઇ અધ્યાત્મપ્રેમી માત્ર સત્સંગના ભાવથી મળે તો આનંદિત થાય છે. બહુ સરળ અને ભલા છે.’’

અમારું ભોજન પુરું થયું. વસ્તુતઃ થોડી ઉતાવળ કરીને ભોજન થોડું વહેલું પૂરું કરી લીધું. ભોજન પૂરું કરી, દંડીબાબાની અનુમતિ લઇને અમે તે સંન્યાસી મહારાજની શોધમાં નીકળ્યા. દંડીબાબાના આશ્રમની બાજુમાંથી જ પુણ્યસલિલા ભગવતી ભાગીરથી વહે છે. અમારી ધારણા એવી હતી કે આ સ્વામીજી

ક્યાંક ગંગા કિનારે જ હશે. અમારી ધારણા સાચી નીકળી. ગંગા કિનારે એક મોટી શિલા પર બેઠા બેઠા સ્વામીજી ભોજન કરી રહ્યા હતા. બધી ભોજનસામગ્રી એક જ પાત્રખપ્પરમાં ભરેલી હતી.સ્વામીજી તેમાંથી જ આહુતિઓ લઈને જઠરાગ્નિમાં હોમ કરી રહ્યા હતા. અમે થોડીવાર, થોડે દૂર બેઠા સ્વામીજીનું ભોજન પૂરું થયું, એટલે તેઓએ ગંગાજીના પ્રવાહ પાસે ગયા. તેણે પોતાનું એઠું પાત્ર અને હાથમોં ગંગાજીમાં ધોયાં નહિ. એક નાની જલધારા બાજુમાંથી આવીને ગંગાજીમાં મળતી હતી. તેના પાણીથી પાત્ર સાફ કર્યું, પછી તે પાત્રમાં પાણી ભરીને થોડે દૂર બેસીને હાથમોં સાફ કર્યાં.

હિમાલયની મારી અનેક યાત્રાઓ દરિમયાન મેં જોયું છે કે ગંગાકિનારે સાધના માટે વસેલા સાધુઓ શૌચાદિ કર્મો પછી સફાઈ માટે ગંગાજળનો ઉપયોગ કરતા નથી; એંઠા હાથ મોં ગંગાજીમાં ધોતા નથી; ગંગાજીના પ્રવાહમાં કોગળા કરતા નથી. ગંગાજીના પ્રવાહમાં અનેક નાના મોટાં ઝરણાઓ મળતાં હોય છે. આ ઝરણાંઓના જળને સાધુઓ ઉપજલ કહે છે, અને શૌચાદિ કાર્ય માટે આ ઉપજલનો ઉપયોગ થાય છે. હિમાલયના સમજદાર સાધુઓ ગંગામૈયાની આ રીતે પૂરી આમન્યા જાળવે છે.

સ્વામીજી હાથ મોં ધોઈને ગંગાકિનારાથી પાછા શિલા તરફ આવી રહ્યા હતા, તે સમયે અમે તેમની સમક્ષ પહોચ્યા. અમે વંદન કરીને 'ઓમ નમો નારાયણ' કહ્યું તેમણે પણ 'ઓમ નારાયણ' કહીને અભિવાદનનો પ્રસન્નવદને પ્રતિભાવ આપ્યો.

અમે અમારો થોડો પરિચય આપ્યો, અને અનુકૂળ હોય તો સ્વામીજી સાથે થોડીવાર સત્સંગ ભાવે બેસવાની અમારી ઇચ્છા



વ્યક્ત કરી. સ્વામીજી શિલા પર બેઠા. સાથે અમે પણ બેઠા. મારી સાથે મારા બીજા બે મિત્રો હતા. એમ અમારી ચારની મંડળી રચાઈ.

ગંગાનો કિનારો છે. મોટા અવાજ સાથે ગંગાજી અહીંથી પસાર થાય છે. બાજુમાં ત્રણ ધોધ છે– સૂર્યધોધ, ચંદ્રધોધ અને કેદાર ધોધ. આ ત્રણેય ધોધનો ધીર ગંભીર નાદ પણ અહીં સુધી પહોંચી રહ્યો છે. ગંગાજીના આ કિનારે ઊંચા વૃક્ષો પઁણ ખૂબ છે. મોટા ભાગનાં વૃક્ષો દેવદારકૂળનાં છે. અમે જે શિલા પર બેઠા છીએ તેની પર સૂર્યનો તડકો આવે છે. આ હિમાલયનો મીઠો તડકો છે. તડકાનો જે અર્થ ગુજરાતમાં થાય છે, તે જ અર્થ હિમાલયમાં થતો નથી. ગુજરાતમાં તડકો એટલે ભાલાની અણી, અને હિમાલયમાં તડકો એટલે માનો હેતાળ હાથ!

હવે અમે મૂળ વાત પર આવ્યા, મેં સ્વામીજીને પ્રશ્ન પૂછ્યો, ''સ્વામીજી, અધ્યાત્મસાધનનું કેન્દ્રસ્થ તત્ત્વ શું છે?''

મનભાવન પ્રશ્ન પૂછવાથી વક્તા કોળી ઊઠે, તેમ સ્વામીજી કોળી ઊઠ્યા તેમના મુખમાંથી અસ્ખલિત વાક્ધારા શરૂ થઈ.

''ચિંતન જ અધ્યાત્મસાધનનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. નિર્ગુણ બ્રહ્મના ઉપાસકો બ્રહ્મચિંતન કે આત્મચિંતન કરે છે. તેઓ જ્ઞાનમાર્ગી ગણાય છે. સહાયક સાધનો અનેક હોય શકે છે, પણ 'બ્રહ્મચિંતન' તો જ્ઞાનમાર્ગની પ્રધાન સાધના છે. સગુણ સાકાર પરમાત્માના ઉપાસકો ભગવાનના સગુણસાકાર સ્વરૂપનું ધ્યાન, ચિંતન, સ્મરણ કરે છે. તેઓ ભક્તિ માર્ગના પથિકો છે, અને ભક્તો ગણાય છે. ભલે, તેઓ ભગવાનના સગુણ સાકાર રૂપની ઉપાસના કરે છે, પરંતુ આખરે તો પોતાના ઈષ્ટદેવના સ્વરૂપનું ચિંતન એ જ તો તેમની કેન્દ્રસ્થ સાધના છે. નામજપ, પાઠ, પૂજા

આદિ સાધનોનું અનુષ્ઠાન તેઓ કરે છે, પરંતુ તેમની સાધનાનું કેન્દ્રસ્થ તત્ત્વ તો ભગવત સ્વરૂપનું ચિંતન છે.

નિર્ગુણ અને સગુણ, બંને તેનાં જ સ્વરૂપો છે અને તેનાં સ્વરૂપોનું ચિંતન કરવું તે જ કેન્દ્રસ્થ સાધના છે.''

મારા પ્રશ્નોનો ઉત્તર તો અહીં પૂરો થયો, પરંતુ પ્રશ્ન તો મેં સત્સંગનો પ્રારંભ કરવા માટે પૂછ્યો હતો. સ્વામીજીની વાક્ધારા ચાલુ રહી.

''અરે, ભૈયા! અખંડ આત્મચિંતન કરો. આ જગત તો મિથ્યા છે. આત્મચિંતન એ જ આપણું એક માત્ર કર્તવ્ય છે. જેઓ આત્મચિંતનના પ્રધાન કર્તવ્યને સમજી શકતા નથી, તેમને માટે અન્ય કર્તવ્ય છે. કર્તવ્યની ધારણા જ અજ્ઞાન અને તજજન્ય આસક્તિ પર પ્રતિષ્ઠિત છે. જેઓ જીવન પ્રત્યે જાગૃત થયા છે, તેમના માટે તો એક જ કર્તવ્ય છે—આત્મચિંતન કે ભગવત્ ચિંતન.''

''આ શરીર, આ શરીરના સંબંધીઓ, ધન, માન, પદ,પ્રતિષ્ઠા આ બધું આપણી અવિદ્યા ગ્રંથિ પર પ્રતિષ્ઠિત છે, તેથી સર્વથા મિથ્યા છે. આ માયાની જાળમાંથી બહાર નીકળવાનો એક જ માર્ગ છે. માયાપતિ પરમાત્માનું અખંડ ચિંતન.''

આટલું કહીને સ્વામીજી શાંત થઇ ગયા; તેમના સહજ સ્વાભાવિક મૌનમાં બેસી ગયા.

સ્વામીજી વિદ્વાન તો છે જ, પરંતુ તેમની વાણી અને વ્યવહારમાં વિદ્વતાની છાપ પડતી નથી, કારણકે સ્વામીજી મૂલતઃ સાધક છે, સત્યના શોધક છે. શાસ્ત્રાભ્યાસ તો તેમણે અધ્યાત્મ સાધનના એક સહયોગી સાધન તરીકે કર્યો છે. આમ



હોવાથી વિદ્વતા સ્વામીજીના જીવનમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી શકી નથી, તેમનામાં રહેલો સાધક તેમની વિદ્વતાથી દબાઇ ગયો નથી. જેઓ વિદ્વાન હોય છતાં, વિદ્વાનને ગૌણ રાખી શકે,તેવા સાધકો વંદનના અધિકારી છે. સ્વામીજી આવા વંદનના અધિકારી સાધક છે.

સ્વામીજી તો મૌન થઇ ગયા, પરંતુ અમારે તેમના મુખથી સત્સંગ સુધાનું પાન કરવું હતું. મેં સ્વામીજીને પૂછયું,

''સ્વામીજી, અધ્યાત્મવિદ્યાનો કયો ગ્રંથ આપને સૌથી વધુ પ્રિય લાગે છે?'' સ્વામીજીએ વિચારીને નહિ, સહજ સ્વાભાવિક રીતે જ પ્રત્યુત્તર આપ્યો,

''સૌથી પ્રિય તો પરમ પ્રેમાસ્પદ પ્રભુ છે. ગ્રંથોમાં પ્રિયતા—અપ્રિયતા શું રાખવી? આમ છતાં શ્રામદ્ ભાગવત મને બહુ ગમે છે.''

મે સ્વામીજીને વિનંતી કરી,

''સ્વામીજી, શ્રીમદ્ ભાગવતનો કોઇ એક પ્રસંગ, તેના આધ્યાત્મિક રહસ્યાર્થ સહિત આપ અમને સમજાવવાની કૃપા કરો''

અમે ચારે જણ કાળમીંઢ પથ્થરની એક મોટી શિલા પર, કંઇક જ પાથર્યા વિના બેઠા હતા. સ્વામીજીએ પોતાનું પ્રિય આસન સિદ્ધાસન ધારણ કર્યું. ટટ્ટાર બેઠા. અમે ત્રણે પણ સ્વામીજીની સન્મુખ વ્યવસ્થિત રીતે બેઠા. સ્વામીજી કાંઇક લાંભો વાર્તાલાપ આપવા ધારે છે, તેમ અમને લાગ્યું, અમારી તો એજ ઇચ્છા હતી. અમે પણ શ્રવણભક્તિ માટે તત્પર બન્યા.

સૌથી પ્રથમ સ્વામીજી શ્રીમદ્ ભાગવતનો પ્રથમ શ્લોક, મંગલાચરણનો શ્લોક બોલ્યા,

જન્માધસ્ય યતો......

તેમના શુદ્ધ ઉચ્ચારો, મધુર કંઠ અને પાઠ કરવાની પધ્ધતિ પરથી લાગ્યું કે સ્વામીજીએ શ્રીમદ્‌ભાગવતના ઘણાં આવર્તનો કર્યા છે, અને આ આવર્તનો સમજી સમજીને કર્યાં છે, યંત્રવત્ નહિ.

સ્વામીજીએ અમને શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંદમાં વર્ણવેલ અવધૂતઉપાખ્યાનની કથા કહી. ભગવાન દત્તાત્રેયે ચોવીશ ગુરુ કર્યાની કથા છે. આ ચોવીશ ગુરુની આધ્યાત્મિક વ્યંજના શું છે, તેની વિશદ સમજણ પણ તેમણે આપી. તેમણે કથાનો મર્મ સમજાવતાં અમને કહ્યું,

''સમગ્ર અસ્તિત્વ આપણને કાંઇકને કાંઇક શીખવી રહ્યું છે. આપણી પાસે શિષ્યની દૃષ્ટિ હોય તો આ આખી સૃષ્ટિ આપણા માટે ગુરુ બની શકે તેમ છે. દત્તાત્રેય ભગવાને ચોવીશ ગુરુ ધારણ કર્યા, તે સાંકેતિક છે. આ કથાનો સંદેશ એવો છે. કે આપણે આ સૃષ્ટિ પાસેથી સતત શીખતા રહીએ તો વિકસતા રહીએ, અને શીખતા રહેવું, વિકસતા રહેવું તે જ તો શિષ્યત્વની ચાવી છે.''

અમને લાગ્યું કે સ્વામીજી પાસે મર્મભેદી દૃષ્ટિ છે, અને તેથી જ તેઓ વસ્તુના હાર્દને પકડી શકે છે તેમની અભિવ્યક્તિની શૈલી પણ માર્મિક અને ચોટદાર છે. આમ હોવાનું કારણ એ છે કે સ્વામીજીએ શ્રીમદ્ ભાગવતનો અભ્યાસ પંડિતની દૃષ્ટિથી નહિ, પરંતુ સાધકની દૃષ્ટિથી કર્યો છે.

પોતાનું વકતવ્ય પૂરું કરીને સમાપન કરતાં સ્વામીજીએ પોતાનું પ્રિય વિધાન—ધ્રુવવાક્ય કહ્યું,

''આ જગત મિથ્યા છે, ભૈયા! અખંડ ચિંતન કરો, અખંડ



આત્મચિંતન કરો. બસ, આ જ માનવનું એક માત્ર કર્તવ્ય છે, પરમ કર્તવ્ય છે.''

સ્વામીજી હવે પોતાની ગુફાએ જવા માટે તૈયાર થયા. અમારી ઇચ્છા સ્વામીજીની ગુફાના દર્શન કરવાની છે. સ્વામીજી સાથે સત્સંગને નાતે હવે એક સંબંધ પણ જોડાયેલો છે. અમે સ્વામીજીને પૂછ્યું, ''સ્વામીજી, આપને કષ્ટ ન થાય તો અમારી ઇચ્છા આપની ગુફાનાં દર્શન કરવાની છે.'' સ્વામીજીએ સંમતિ દર્શાવી અને સૌ નીકળ્યા, સ્વામીજી આગળ અને અમે ત્રણે મિત્રો સ્વામીજીની પાછળ ચાલ્યા. સ્વામીજીની ગુફા સુધી પહોંચવા માટે અમારે ગંગામૈયાને ઓળંગીને સામે કિનારે જવાની જરૂર પડી. સૂર્યકુંડ અને ચંદ્રકુંડ પાસે ગંગાજી ધોધરૂપે નીચે કૂદકો મારે છે. આ વિસ્તારમાં ગંગાજીનો પ્રવાહ ખૂબ સાંકડો અને ઘણો ઊંડો બની જાય છે. આ સ્થાન પર એક નાનો અને સાવ સાંકડો પુલ બનાવેલો છે. સ્વામીજીની પાછળ પાછળ ચાલતાં અમે આ પુલ દ્વારા ગંગાજી પાર કરીને સામે કિનારે પહોંચ્યા. ગંગાજીનો પ્રવાહ પાર કરીને સામે કિનારે પહોંચીએ તે જ સ્થાનેથી એક નાની પગવાટ ગંગાને કિનારે કિનારે જાય છે. અમે લગભગ ગંગાની ભેખડ પર જ ચાલી રહ્યા છીએ. થોડા આગળ વધીને અમે ગંગાજીની ઊંચી ભેખડ અને ગંગાજીના પ્રવાહની વચ્ચેની એક સાંકડી જગ્યામાં પહોંચ્યા. અમેં જોયું કે સામે જ એક નાની ગુફાનું દ્વાર છે. આ ગુફા એવા સ્થાન પર છે કે ગંગાજીની ભેખડમાં જ તે બનેલી છે. ગુફાનું દ્વાર ગંગાજી તરફ છે. ગુફાના દ્વાર પર બેસીને નીચે વહેતાં ગંગાજીના પ્રવાહનાં દર્શન થઇ શકે છે. ગુફામાં જ બેસીને બાટલી અને દોરી વડે ગંગાનું પાણી સિંચી શકાય તેવી

સ્થિતિ છે.

અમે સાંભળ્યું છે કે ગંગોત્રી અને આજુબાજુના વિસ્તારમાં પચાસ જેટલી ગુફાઓ છે. આમાંની ઘણી ગુફાઓમાં સાધુઓ રહે છે, અને તેમાંના ઘણા તો શિયાળામાં પણ અહિં જ રહે છે. આ ગુફાઓમાંની ઘણી ગુફાઓ તો ગંગા કિનારાની ભેખડમાં એવી રીતે બનેલી છે કે ભેખડમાંની આ ગુફા ગંગાના પ્રવાહની ઉપર જ હોય છે. ગુફામાં બેસી ગંગા દર્શન પણ થઇ શકે, અને ગુફાના દ્વાર પર બેઠા બેઠા ગંગાજીનું પાણી સિંચી શકાય છે. સ્વામીજીની ગુફા પણ આવી જ ગુફા છે.

અમે ગુફામાં પ્રવેશ્યા. લગભગ બારેક ફૂટ લાંબી અને તેટલી જ પહોળી આ ગુફા છે. આખી ગુફામાં સૂકવણી કરેલું ઝીણું મૂલાયમ ઘાસ પાથરેલું છે. આ ઘાસ પર કંતાનનો એક મોટો ટૂકડો પાથરેલો છે. આ છે સ્વામીજીની પથારી અને આ જ છે સ્વામીજીનું ભજન માટેનું આસન. ઓઢવા માટે સ્વામીજી પાસે એક સુતરાઉ ચાદર છે. બસ, આટલાથી સ્વામીજીનું કામ ચાલે છે. સ્વામીજી દશનામી સંન્યાસ પરંપરાના, શાંકરમતાનુયાયી પરમહંસ સંન્યાસી છે, તેથી તેઓ અગ્નિનો સ્પર્શ કરી શકે નહિ. તેઓ ધૂણો રાખી શકે નહિ, અને જાતે રસોઇ પણ બનાવી ન શકે—આવી સંન્યાસ પરંપરાની શિસ્ત છે. આમ હોવાથી ગુફામાં ધૂણો, સ્ટવ કે અગ્નિ પ્રગટાવવાનાં અન્ય કોઇ ઉપકરણો નથી. સ્વામીજી પાસે ફાનસ, મીણબત્તી તો નથી જ, પણ દિવાસળીની પેટી પણ નથી. આત્મચિંતનમાં તલ્લીન રહેતા આ સાધુ દિવસમાં એકવાર દંડી બાબાના આશ્રમ પર ભિક્ષા માટે આવે છે. આ સિવાય તેમનો અન્ય કોઇ સાથે કોઇ સંપર્ક નથી.



સ્વામીજીની ગુફામાં બેસતાં જ અમને અનુભવાયું કે આ કોઇ સાચા અધ્યાત્મ પુરુષની ગુફા છે. હિમાલયના કોઇ તપસ્વી સંતની ગુફા કેવી હોય, તેનું આધ્યાત્મિક વાતાવરણ કેવું હોય તેનું એક જીવતું જાગતું દૃષ્ટાંત અમને જોવા અનુભવવા મળ્યું.

સ્વામીજી પાસે ચા. દૂધ, કોફી, ફળાહાર, ભોજન આદિ માટે કોઇ વ્યવસ્થા નથી. અહીં સાધનભજનની અનુકૂળતા છે, અને તેથી સંનિષ્ટ સાધક માટે અહીં ઘણી અનુકૂળતા છે, પરંતુ તે સિવાયના બધા માટે ઘણી પ્રતિકૂળતા છે.

અસાધકોને આવા અનેક પ્રશ્નો થઇ શકે-

વરસાદ પડે તો ભિક્ષા લેવા કેવી રીતે જવું? છત્રીતો છે નહિ. બહુ ઠંડી પડે તો શું કરવું? ધૂણો પણ નથી, અને ગરમ કપડાં પણ નથી. બીમાર પડીએ તો શું થાય? અહીં દવા પણ નથી અને ડોકટર પણ નથી. કોઇ ઝેરી જાનવર ગુફામાં આવી ચડે તો? કોઇ જંગલી જાનવર આવે તો? રક્ષણની કોઇ વ્યવસ્થા તો છે નહિ, ગુફાને બારણું જ નથી.

પણ જેઓ સંનિષ્ઠ સાધકો છે, જેમણે પરમાત્માની પ્રાપ્તિ માટે પોતાના જીવનને હોડમાં મૂક્યું છે, તેમને આવા કોઇ પ્રશ્નો થતા નથી કારણ કે તેમની પાસે બધા પ્રશ્નોનો એક ઉત્તર છે, બધી સમસ્યાઓનું એક નિરાકરણ છે—કોઇ હોય કે ન હોય, કશું હોય કે નહોય, ભગવાન તો છે જ. ભગવાન છે તો બધું છે, અને ભગવાન નથી તો કશું નથી.

બધું મળે અને ભગવાન ન મળે તો કાંઇ જ મળ્યું નથી, અને ભગવાન મળે અને બીજું કાંઇ પણ ન મળે તો પણ બધું જ મળ્યું છે—આવી જેમની દ્રઢ પ્રતીતિ છે, તેમના માટે ગુફા રાજમહેલથી અધિક છે, અને મૃગચર્મ સમ્રાટના સુવર્ણ

સિંહાસનથી પણ અધિક છે.

અમને લાગ્યું કે અમે સ્વામીજીનો ઘણો સમય લીધો છે, હવે અમારે જવું જોઇએ. અમે સ્વામીજી પાસે જવાની આજ્ઞા માગી. સ્વામીજી પાસે તો પ્રત્યેક પ્રશ્ન માટે સાર્વભૌમ ઉત્તર 'હરિ ઓમ' જ છે. અમારામાંના એક મિત્રે સ્વામીજીને આપવા માટે ખિસ્સામાંથી થોડી નોટો કાંઢી. જોઇને જ સ્વામીજીએ કહ્યું,"રહેવા દો, ભાઇ! તેમને તો હું સ્પર્શ કરતો નથી." એટલે તેમને ધનનો આગ્રહ કરાય જ નહિ.

અમે વિચાર્યું કે આપણે સ્વામીજીને આવશ્કય એવી કોઇ વસ્તુઓ લાવી દઇએ. હરિકેન, એકાદ ગરમ ધાબળો, દૂધના પાવડરનો ડબ્બો કે એવી કોઇ ઉપયોગી ચીજો સ્વામીજીને આપીએ. પણ આ બધી વસ્તુઓ માટે સ્વામીજીનો એક જ ઉત્તર હતો, "આવી કોઇ ચીજની અહીં જરાપણ જરૂર નથી, અને અનાવશ્યક ચીજો રાખવાની ઝંઝાટમાં હું શા માટે ફસાઉં?"

આખરે અમે સ્વામીજીને જ પૂછ્યું,

"સ્વામીજી, આપને ઉપયોગી એવી કોઇ ચીજ આપ જ કહો, જે અમે આપણા માટે લાવીએ"

આખરે સ્વામીજીએ કહ્યું, "જો શક્ય હોય તો ગીતાપ્રેસ દ્વારા પ્રકાશિત શ્રીમદ્ ભાગવતની એક પ્રત આપ મારા માટે મોકલજો. "

સ્વામીજીની પસંદગી દ્વારા તેમના ચિત્તની અવસ્થા અને તેમના જીવનનું સ્વરૂપ અભિવ્યક્ત થાય છે. હું જાણતો હતો કે ગીતાપ્રેસનું શ્રીમદ્ ભાગવત તે દિવસોમાં, બધી પ્રતો વેચાઇ જવાથી, ઉપલબ્ધ હતું નહિ. જે વસ્તું મળતી નથી તે વસ્તું અમે



મોકલશું, તેવું વચન આપવું કેમ? અમે સ્વામીજીને આ પરિસ્થિતિની જાણ કરી તેમણે કહ્યું, "કશો વાંધો નહિ, ભૈયા! જ્યારે જે વસ્તુની ખરેખર જરૂર હશે તે વસ્તુ ભગવાન જ મોકલી આપશે. આપણે શા માટે નાહક ચિંતા કરવી?"

"આમ છતાં અમે આ પુસ્તક માટે પ્રયત્ન કરશું અને મળી શકશે તો દંડીબાબાના આશ્રમમાં આપને મળે તેવી નોંધ મોકલી આપશું" આટલું અમે સ્વામીજીને કહ્યું. સ્વામીજીને પ્રણામ કરી તેમની આજ્ઞા લઇને અમે તેમની વિદાય લીધી.

અમારું મન પ્રસન્નતાથી ભરાઇ ગયું છે. એક સંતના દર્શનનો આનંદ છે. એક સંત સાથે સત્સંગ થયાની પ્રસન્નતા છે. સ્વામીજીની ગુફાનાં દર્શન કરીને અમે એક તીર્થનાં દર્શન કર્યા, તેમ અમને લાગ્યું, અને તેનો અમને સંતોષ પણ છે.

આ દેશમાં આ ભારતવર્ષમાં આજે પણ એકલદોકલ નહિ, અનેક સંતો વસે છે. અનેક સાધકો સાધનરત છે, અનેક તપસ્વીઓ તપશ્ચર્યામાં તલ્લીન થયેલા છે. બહુ રત્ના વસુંધરા. જો આ પૃથ્વી પર સંતો હોય જ નહિ તો પૃથ્વી ટકે કોને આધારે?

# પ્રાર્થના સંભળાય છે.

વિનુભાઇ છ. અમીન

મારાં બાનું નામ વિમળાબેન. એમની મોટી ઉમ્મરને લીધે સ્વર્ગારોહણની કુટિયામાં અને વડોદરા ઘેર પણ કોઇક વખત પ્રાર્થના કરતો કે—હે પ્રભુ,

મારા બાની અંતિમ અવસ્થાએ હું સ્વર્ગારોહણ અંબાજીમાં ના હોઉં—વડોદરા તેમની પાસે જ હોઉં તેવું કરજો.

તેઓ હરતાં ફરતાં જ જાય—સ્વર્ગવાસ થાય અને પથારીમાં પડી માંદગી ના ભોગવે, અને

તેમનું મન અંતર સાંસારિક વળગણોથી સગાંવહાલાંઓથી ઉપરામ રહે અને અંત સમયે શ્રી મા—પ્રભુને જ યાદ કરે. મન પ્રભુસ્મરણમાં વધુ હોય, તેવું કરજો.

ઉપરોક્ત ત્રણેય પ્રાર્થનાઓ શ્રી મા—પ્રભુના સ્વરૂપો પાસે જ કરેલી અને તે બધી સંભળાઇ ને તેનો સરસ પ્રત્યુત્તર પણ મા—પ્રભુએ આપ્યો.

મારાં બાની ૮૮ વર્ષની ઉમ્મર અને ઓગસ્ટ—૦૮ માં એકવાર અમેરિકાથી શ્રી દક્ષેશભાઇ કોન્ટ્રાક્ટરના ફોનના પ્રત્યુત્તરમાં પૂ. શ્રી યોગેશ્વરજીના પુસ્તક સમર્પણની પ્રસ્તાવના લખાવતો હતો. ત્યારે બાએ પૂછ્યું, ‘‘શું આટલું લાંબું ફોન ઉપર લખાવે છે? મેં જણાવ્યું કે પૂ. શ્રીનું પુસ્તક શ્રી રામજી વિશે—રામાયણ વિશેનું છે. તમારે વાંચવું છે?’’ અને તેઓએ વાચ્યું અને ધીરે ધીરે પૂ. શ્રીના સાહિત્યમાં રસ લેતાં થયાં. ત્યારબાદ મહાભારતનાં મોતી, પ્રકાશના પંથે, ઉપનિષદનું અમૃત વગેરે ૧૭ પુસ્તકોનું વાંચન તેઓએ ત્યારપછીના ત્રણ માસમાં કર્યું.



રોજના ૫૦—૬૦ પાના વાંચતાં, આંખ તો ફક્ત એક જ હતી એટલે હું કહેતો કે આટલું બધું શા માટે વાંચો છો? તો જવાબ આપતા કે પૂ. શ્રીનું સાહિત્ય પછી ક્યારે પૂરું થાય? અને રોજના પાંચ સાત કલાકના પૂ. શ્રીના સાહિત્યના વાંચનથી તેમનું મન સંસારમાંથી ઉપરામ થઇને શ્રી મા—પ્રભુમાં જ વધુ રહેવા લાગ્યું અને શ્રી—માપ્રભુની લીલા સ્મરણોની વાતો જ વધુ કરવા લાગ્યાં.

દીવાળી નવેમ્બર—’૦૮ ના તહેવારોમાં ફટાકડા ફૂટે તેના ધુમાડાથી અને ઘરમાં મિઠાઇ—તળેલું બનાવે તેની તેલની વાસને લીધે કે પછી મોટી ઉમ્મરે જવાનો સમય થયો હોય તેમ થોડી અસ્વસ્થતા શરીરને લાગવા લાગી. ખાંસી—કફની તકલીફ થઇ. તેઓએ હોસ્પીટલમાં તપાસવા જવા—બતાવવા જવાની ઇચ્છા વ્યક્ત કરી, તેથી લાભપાંચમ ૩—૧૧—૦૮ ના દિવસે ડૉક્ટર અય્યર શુભેચ્છા હોસ્પીટલ જે અમારા ઘરેથી ૭ કિ.મી. દૂર હતું ત્યાં જવાનું નક્કી કર્યું.

બપોરે ૧૧—૪૫ વાગે બાએ થોડાં દાળભાત જમી લીધા અને દવાખાને જવા તૈયાર થયાં. ઘરમાંથી બહાર નીકળતા અમારા દેવસ્થાન પાસે તેઓએ ઊભા રહી ‘‘હે મા સર્વેશ્વરી..’’ બોલ્યાં અને બાકીનું મનમાં પ્રાર્થી બે હાથ જોડી મંદિર પાસેથી વિદાય લીધી. મેં અને તારકે તેઓને હાથથી દોરી રીક્ષામાં બેસાડ્યાં. તેમણે કહ્યું કે પાણી પણ સાથે લઇ લેજો મારે કદાચ પીવું પડશે. જેથી પાણી પણ સાથે લીધું. રીક્ષામાં મંજુલા—બા અને હું નીકળ્યાં. રસ્તામાં મંજુલાની હંમેશની પ્રણાલિ પ્રમાણે પૂ. શ્રી મા—પ્રભુની બાવનીઓ ગાવા માંડી. હું મારી રીતે મંત્રજપ કરતો રહ્યો અને ૫ કિ. મી. પછી બાએ પાણી માંગ્યું.

થોડું પાણી પીધું અને ડૉક્ટરની હોસ્પીટલે પહોંચીને ડૉક્ટરે પૂછ્યા તે બધા જવાબો બાએ આપ્યા પણ ખરા. મલ્ટી ડૉક્ટરસી ૧૧ ડોક્ટરોની હોસ્પીટલ છે. ડૉક્ટર શ્રી અય્યર કહે બાજુમાંથી એક્ષ–રે પડાવી આવો જેથી બાને વ્હીલચેરમાં બેસાડી મંજુલા એક્ષ–રે પડાવવા ગયાં. ડૉક્ટરશ્રી મને કહે બાને દવાખાનામાં દાખલ કરી દો. સીરીયસ લાગે છે. મેં કહ્યું કે, 'અમે ઘેર જ મરવાનું પસંદ કરીએ છીએ.' તમે ટ્રીટમેન્ટ લખી આપો અમારા ફેમીલી ડૉક્ટરશ્રી મુકાતીની દેખરેખ નીચે તે શરૂ કરીશું. જેથી તેઓએ દવા વગેરે લખી આપી.

એક્ષ–રે રૂપમાંથી બહાર બા અને મંજુલા આવ્યાં અને રીક્ષામાં બેસાડતી વખતે ત્યાં જ દેહ છોડી દીધો.

ખૂબ સરસ હરતા ફરતા પૂ. માનું સ્મરણ કરતાં કરતાં અને તેમની પણ એક ઈચ્છા હતી કે આવતે માસે ડીસેમ્બરમાં જય જ્યારે અમેરિકા ભણવા જવાનો છે તે દુઃખ મારાથી સહન નહીં થાય અને છોકરાઓની દીવાળી પણ મારે નથી બગાડવી તેવી તેમની ભાવના પણ શ્રી મા–પ્રભુએ પૂર્ણ કરી વિદાય લીધી.

સ્મશાનયાત્રા પહેલાં ઘરમાં અને સ્મશાનમાં પણ શ્રી પંડિતજીએ શ્રી કેયુર શાસ્ત્રીજીએ તથા શ્રી સ્નેહલ પુરોહિતે પણ સરસ વેદોક્ત મંત્રોચ્ચારથી ભવ્ય વિદાય–અગ્નિ સંસ્કાર આપ્યો. ૯ દિવસ પછી બેસણા વખતે કૌટુંબીક તથા સામાજીક રસમો બાદ શોકસભામાં હાજર રહેલા આપ્તજનોને પૂ. શ્રી પંડિતજીએ પ્રસંગને અનુરૂપ પ્રાર્થના સત્સંગ કરાવીને મૃતાત્માને સદ્‌ગતિ માટે અંજલિ આપી.

પ્રાર્થનાનો સરસ પ્રત્યુત્તર મળ્યો. તે બદલ પૂ. શ્રી મા–પ્રભુને કોટિ પ્રણામ. ધન્યવાદ શ્રી મા–પ્રભુનો જય જયકાર હો.



# મુક્તક–મધુ

રતિલાલ ભાવસાર

## સંસાર

નથી સંસાર આ મિથ્યા, પ્રભુનું વ્યક્ત દર્શન છે!
પ્રભુને પ્રીછવા કાજે, મળ્યો સંસાર સૌને છે!
બધે જેમાં અને તેમાં, પ્રભુનો અંશ નીરખીને–
કરે ભક્તિ જીવનની જે, પ્રભુ તેને સ–જીવન છે!

## જીવનશુદ્ધિ

ગમે તેવી ભલે ને હો, ગટરમાં ગંદકી ભારે!
સરિતામાં ભળે છે જ્યાં, વિશુદ્ધિ થાય છે ત્યારે!
ત્યમ, હૃદય–ભાવે વળે છે જે પૂરેપૂરો પ્રભુશરણે,
ભલે ખરડાયલો છો હો, પ્રભુ નિર્મળ કરે તેને!

## મન અને હૃદય

મનને પૂછ્યું મેં : 'તુજને સૌથી ગમે છે શું વધુ?'
એણે કહ્યું : 'મુજને ગમે ધન, માન ને કીર્તિ વધુ!'
પૂછ્યું હૃદયને એક દી : 'તુજને ગમે છે શું વધુ?'
ધીરે રહી એણે કહ્યું : 'સત્સંગનું સંચિત **મધુ!**'